ज्ञानं संछिन्न संशयम्। ❖ માસિક ❖ જ્ઞાનથી સંશય નાશ પામે છે.

❑ પ્રારંભ : માર્ચ ૧૯૬૯ આપણું અને આપણા પરિવારનું સાથી

# પગથાર

❑ વર્ષ : ૪૯ ❑ જૂન - ૨૦૧૭ ❑ અંક : ૪૪૦

● તંત્રી : શ્રી વિજયભાઈ અમૃતલાલ વ્યાસ ● સંપાદક : શ્રી અશોકભાઇ ર. જોષી

શ્રી સર્જન યુવક સંઘઃ પેટ્રન - આધારસ્તંભ : રૂા.૫૦૧ કે તેથી વધુ ❖ પગથારઃ વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- ❖ કિંમત : રૂા. ૫/-

કાર્યાલય : શ્રી સર્જન યુવક સંઘ, ૬,ગુરૂકૃપા, નવવિકાસ સોસાયટી,ડૉ. મસ્કરન્સ વાડી,ઓફ લક્ષ્મણ મ્હાત્રે રોડ, નવાગાંવ ટેકરી, દહિસર-વેસ્ટ, મુંબઈ-400068.

Website : www.pagthar.wordpress.com E-mail : pagthar@yahoo.com or sarjan.pagthar@rediffmail.com


## પ્રભાતનું પુષ્પ

જુઓ જાણે, એમાં મૂળ વાત ધગશની છે. ઉંમરનો એમાં કંઈ સવાલ નથી. હૃદયથી પોતાની ફરજ સમજીને જે કોઈ માનવી કાર્ય કરે છે એ યુવાન..... તે પછી ભલે ને સાઠ વર્ષનો ડોસો હોય ! જીવનમાં ડગલે ને પગલે એવા અનેક માનવીઓ નજરે પડે છે કે જેઓ અવિશ્રાંત કાર્ય કર્યા જ કરે છે અને ખરેખર એ જ સાચા યુવાનો છે. લાલ ગલોલા જેવું શરીર હોય, રૂડો રૂપાળો કામદેવતા જેવો કોઈ કુમાર્ હોય અને કોઈ પણ જાતની જવાબદારી માથે લીધા સિવાય માત્ર એશઆરામ - વૈભવવિલાસ ભોગવતો હોય તો એ યુવાન નથી, પણ વૃદ્ધ છે. હા, યૌવનનો પ્રદેશ કાર્યથી જ ભરપૂર છે. એક પછી એક અનેક કાર્ય એ પ્રદેશમાં પડયા છે. મુશકેલીઓનો ત્યાં પાર નથી. છતાં પણ આ પ્રદેશમાં ખરા દિલથી કૂચકદમ ચાલુ રાખનાર માનવીને હું યુવાન ગણું છું. થોડી મુશકેલીથી ડરી જઈને, એનાથી દૂર ભાગીને ગોદડું ઓઢીને પડ્યો રહેનાર માનવી જો પચ્ચીસ વર્ષનો હોય તો ધૂળ પડી એ યૌવનમાં ! એવું નમાલું યૌવન આ પૃથ્વીના પટ પર ભારરૂપ છે. મેં તો જગતનાં અનેક મહાયુદ્ધોની નોંધ લીધી છે અને ઊંડો વિચાર કર્યા પછી એક જ નિશ્ચય પર આવ્યો છું કે રણભૂમિ પર બહાદુરીથી જે લડે છે એ જ સાચો સૈનિક છે. એ જ સાચો જુવાન છે. સાચું યૌવન કાર્ય માગે છે. આકાશમાં લાત મારીને તારલાઓ ખંખેરવાની તમન્ના સેવે છે અને સમય આવ્યે સદાય કુરબાની કરવાની ધગશ ધરાવતું હોય છે. જુઓ જાણે, ટૂંકમાં એમાં મૂળ વાત ધગશની છે. ઉંમરનો કંઈ સવાલ નથી. ટેબલ પર પડ્યા રહેતા ઈતિહાસનાં પાનાં હવાથી ઊઘડવા માંડયાં એક પછી એક પાનાંએ તો ઘણું કહ્યું. પણ આટલું જ યાદ રહ્યું.

**વજુ કોટક** ('ચિત્રલેખા'ના સૌજન્યથી)

## શ્રી સર્જન યુવક સંઘ

### શૈક્ષણિક દર્શન યાત્રા

**મુંબઈથી ભુતાન (થીમ્પુ, પુનાખા, પારો), હાવરા, કોલકત્તા, ગંગાસાગર, પુરી ભુવનેશ્વરથી મુંબઈ**

**: પ્રવાસ :**

પ્રસ્થાન : મુંબઈથી તા.૩-૯-૨૦૧૭ સવારે ૭.૩૦

આગમન : મુંબઈ તા.૧૬-૯-૨૦૧૭ સવારે ૪.૦૦

ટ્રેઈન 3 AC - તથા ડીલક્ષ Non AC - બસનો પ્રવાસ

**: પ્રવેશ શુલ્કદાન :**

પ્રત્યેક સ્વજન રૂા.૩૫૫૦૦/-,

વયસ્ક પુરૂષ રૂા.૩૩૫૦૦/-, વયસ્ક સ્ત્રી રૂા.૩૨૫૦૦/-

ટ્રેઈનમાં બાળકો માટે બર્થ વિના રૂા.૩૧૦૦૦/-

**: પ્રવેશ સંચાલન :**

શ્રી ચિંતન તન્ના, ચોઈસ ટૂર્સ એન ટ્રાવેલ્સ, મુંબઈ

**: વિશેષ નોંધ :**

❑ મુંબઈથી જવાની તથા પાછા ફરવાની મુસાફરી મુંબઈ સુધી By Air થી કરી શકાશે તે માટે ઉપરોક્ત પ્રવેશશુલ્ક દાન ઉપરાંત આશરે રૂા.૫૦૦૦/- અને રૂા.૨૫૦૦/- પ્રવેશશુલ્ક દાન આપવાના થશે.

❑ રૂા.૧૦૦૦૦/- પ્રવેશશુલ્ક પેટે ચેકથી નામ નોંધવવા વિનંતી છે. ચેક સાથે ચાર ફોટા, પાસપોર્ટ અને આધારકાર્ડની બે નકલ આપવાની છે.

❑ વધુ વિગતો માટે અને નામ નોંધાવવા સંપર્ક પ્રતિનિધિ

- **શ્રી જયકાન્ત મ. જોષી** - ફોન (0) 98196 21997
- **શ્રી વિનય કા. જાની** - ફોન (0) 79771 51134
- **શ્રી જશવંતભાઈ અં. જોષી** - ફોન (0) 97256 88266
- **શ્રી બીપીન અં. ઉપાધ્યાય** - ફોન (0) 97241 55316
- **શ્રી અશોક ર. જોષી** - ફોન (0) 98670 53517
- **શ્રી હરિહર પ્ર.વ્યાસ** - ફોન (0) 9426535646
- **શ્રી નરેશ અં. ઠાકર** - ફોન (0) 9619108422

● **વહેલો તે પહેલાથી નામ નોંધણી કરાશે.**

## શ્રી સર્જન યુવક સંઘ

### લોંગબુકો

**શ્રી સર્જન યુવક સંઘના ઉપક્રમે સસ્તાદરથી લોંગબુકો** હિંમતનગર અને તેની આસપાસના ગામોમાંના આપણા સ્વજનોમાં મે-જૂન ૨૦૧૭ દરમિયાન કાર્યકરો રૂબરૂ કરશે. આ ઉપરાંત નીચેના કાર્યકરો પણ લોંગબુકોના વિતરણની વ્યવસ્થા સંભાળશે. આ લોંગબુકો મેળવવા આ કાર્યવાહકોનો સંપર્ક કરવા વિનંતી છે. આ લોંગબુકોનું વિતરણ લોંગબુકો હશે ત્યાં સુધી અથવા તા.૩૦-૬-૨૦૧૭ સુધી કરાશે.

**: હિંમતનગર :**

**શ્રી હરિહરભાઈ પ્ર. વ્યાસ**

**સમય સાંજે ૪ થી ૭**

મુક્તાંગન,ગંગોત્રી સોસાયટી,બળવંતપુરા,તસીયા રોડ, **હિંમતનગર** ફોન : M : (O) 9426535646

**: અમદાવાદ :**

**શ્રી બીપીનભાઈ અં. ઉપાધ્યાય**

A-9, અક્ષરધામ ટેનામેન્ટસ, કૃષ્ણનગર, સૈજપુર બોઘા, અમદાવાદ. ફોન : M : (O) 9724155316

**: મુંબઈ :**

**શ્રી જય તુ.પંડયા**

**શ્રી સિધ્ધાર્થ શિ. ઠાકર ● શ્રી મનસુખભાઈ સરવૈયા**

**શ્રી સ.સા.ઔ.બ્ર. સમાજ ટ્રસ્ટ**

ગંગાબેન જપી સભાગૃહ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ. ફોન : (022) 28910330

**લોંગબુકના વિતરણની વ્યવસ્થા**

| **ધોરણ** | **લોંગબુક** |
|---|---|
| ધો.૧ થી ૩ | ૫ |
| ધો.૪ થી૭ પ્રાથમિકશાળા | ૩૦ |
| ધો.૮ થી કોલેજ (ધો.૧૨થી ઉપર) | ૩૫ અથવા ૪૦ |

**લોંગબુક મેળવવા માટે પરીક્ષાના પરિણામની ઓરીજીનલ અને તેની ઝેરોક્ષ-નકલ સાથેજ લાવવા વિનંતી છે જે તપાસીને અને તેની ઝેરોક્ષ-નકલ રાખીને જ આ લોંગબુકો અપાશે.**

આ લોંગબુકોનું વિતરણ પ્રત્યેક લોંગબુક રૂા.૧૦/- થી અપાશે. ખૂબ જરૂરિયાતવાળા વિદ્યાર્થી ભાઈ બહેનોને આ લોંગબુકો વિનામૂલ્યથી અપાશે.

## વિનંતી

વિદ્યાર્થી ભાઈ-બહેનોને વિનંતી કરવામાં આવે છે કે વિવિધ શૈક્ષણિક પારિતોષિક અને શિષ્યવૃત્તિ માટે અને **પગથાર**માં પ્રકાશન માટે શૈક્ષણિક વર્ષ સન ૨૦૧૬-૨૦૧૭વર્ષની પરીક્ષાઓના આપના પરિણામની પ્રમાણિત નકલ તુરંત મોકલવા વિનંતી છે. પગથારમાં ધો. ૧૦ અને તેની ઉપરની કક્ષાઓના પરિણામો પ્રગટ થાય છે અને શ્રી સર્જન યુવક સંઘ તરફથી વિવિધ પારિતોષિકો ધો. ૫ થી અપાય છે. S.S.C. અને H.S.C. માં ૭૦% (over-all) કે વધુ ગુણાંક અને ગ્રેજ્યુએશનમાં ૬૦% કે વધુ ગુણાંક મેળવનાર વિદ્યાર્થી ભાઈ-બહેનોના ફોટા અને પરિચય પ્રગટ થાય છે. S.S.C. (Matriculation, I.C.S.E., C.B.S.C., ધો-૧૦) અને H.S.C. (હાયર સેકેંડરી - સેન્ટ્રલ બોર્ડ) પરીક્ષાઓ માટેના પારિતોષિકો અને "પગથાર"માં પ્રગટ થનારા વિદ્યાર્થીભાઈ-બહેનોના ફોટા-પરિચય ફક્ત Overall % ગુણાંક જ ગણતરીમાં થાય છે.

**વિશેષ વિનંતી**

(૧) H.S.C. માર્કશીટની બંને બાજુની નકલ મોકલશો જેથી વિષયના નંબર સાથે વિષયના નામની જાણકારી મેળવી શકાય (૨) ફોટાની પાછળ અને માર્કશીટની ઉપર વિદ્યાર્થી ભાઈ-બહેનનું પુરૂં નામ-માતા અને પિતાનું પુરૂ નામ-ગામ લખવા વિનંતી છે જેથી પરિચયમાં સરળતા રહે.

**સંપર્ક : શ્રી સર્જન યુવક સંઘ**

૬, ગુરુકૃપા, ડૉ. મસ્કરેન્સ વાડી,
નવવિકાસ સોસાયટી, નવાગાંવ ટેકરી,
ઓફ લક્ષ્મણ મ્હાત્રે રોડ, દહિંસર (વેસ્ટ), મુંબઈ-400068.

**શ્રી હરીહરભાઈ પ્ર. વ્યાસ**

મુક્તાગંન, ૧૬, ગંગોત્રી સોસાયટી, બળવંતપુરા.
હિંમતનગર, જિ. સાબરકાંઠા - 383001.

## વિનંતી

આપશ્રી સર્જન યુવક સંઘ -પગથારના શુભેચ્છક દાતાઓને નમ્ર વિનંતી છે કે આપ શ્રી સર્જન યુવક સંઘના દેના બેંક, માઉન્ટ પોઈસર, બોરીવલી (વેસ્ટ), મુંબઈમાં સેવિંગ ખાતા નં. 048710006834, IFS Code : BKDN0460487 Core Banking દ્વારા આપની નજીકની દેના બેંકની બ્રાન્ચમાં રોકડ તથા ચેકથી દાન ભરી શકશો. આ દાન ભર્યા પછી તેની જાણ પત્ર દ્વારા અથવા 09867053517 મોબાઈલ દ્વારા SMS થી ચેક નંબર, બેંકનું નામ, રકમ અને તારીખ વિગેરે વિગતો જણાવવા અથવા આ મોબાઈલ નંબર ઉપર whatsapp ઉપર બેંકસ્લીપનો ફોટો મોકલવા વિનંતી છે અથવા તે બેંક સ્લિપ સંસ્થાના કાર્યાલયમાં મોકલવા અથવા શ્રી સર્જન યુવક સંઘના E-Mail ID ઉપર મોકલશો. બેંક સ્લીપ ઉપર ચેક નંબર, રકમ, તારીખ અને બેંકનું નામ લખવા વિનંતી છે.





**જીવનમાં મુંજવતા દરેક પ્રશ્નોના ઉકેલ માટે**

**તથા**

**સુખશાંતિ અને સમૃધ્ધિ પ્રાપ્તિ માટે સંપર્ક કરજો**

**નવચંડીહવન, શ્રીમદભાગવતકથા, લઘુરૂદ્ર તથા અન્યવિધિ કરવામાં આવશે**

**સંપર્ક**

**સ્વામી પ્રણવાનંદગીરીજી મહારાજ**

B 3/૧, ગ્રાઉન્ડ ફલોર, ખજુરીયા નગર, કાંદીવલી (વેસ્ટ), મુંબઈ - 400067.
ફોન M. (0) 9920961768, (0) 9820861768
Email : astrology768@gmail.com / swamipranvanandgirijimaharaj.com

## શતં જીવ શરદઃ

**(‘સર્જન’ના સભાસદો અને /અથવા પેટ્રન-આધારસ્થંભ દાતા)**

| | | | |
|---|---|---|---|
| શ્રી હરેશભાઇ ચુનીલાલ ઠાકર | પ્રેમપુર | ૧૨ મી જૂન | 09324106799 |
| સુશ્રી માયા દેવાંગ પાઠક | ખેડાવાડા | ૧૨ મી જૂન | (0253)2021793 |
| સુશ્રી દીપીકા ડેની જપી | પ્રેમપુર | ૧૩ મી જૂન | (02772)232139 |
| શ્રી જોગેશ અરૂણભાઈ જોષી | આગલોડ | ૧૩મી જૂન | 09867932572 |
| શ્રી કનૈયાલાલ હરગોવિંદદાસ વ્યાસ | દાવડ | ૧૪ મી જૂન | (02778)277215 |
| સુશ્રી બરખા યશ ભેદા | ઈલોલ-મુંબઈ | ૧૪ મી જૂન | - |
| શ્રી પ્રકાશભાઈ રવિશંકર ઉપાધ્યાય | કડોલી | ૧૪ મી જૂન | 09322795488 |
| શ્રી દિપકભાઇ વાસુદેવ જોષી | આગલોડ | ૧૫ મી જૂન | (022)28938902 |
| શ્રી પ્રવિણચંદ્ર ગણપતરામ જોષી | જામળા | ૧૫ મી જૂન | 09825304959 |
| શ્રી વિજયભાઈ પોપટલાલ ત્રીવેદી | દેરોલ | ૧૫ મી જૂન | 09824409717 |
| શ્રી ભદ્રભાઇ અમૃતલાલ જોષી | દાવડ | ૧૭ મી જૂન | 0983318574 |
| શ્રી રમેશભાઇ પ્રહેલાદજી પંડ્યા | સંઘપુર | ૧૭ મી જૂન | 09819061765 |
| સુશ્રી દર્શના હર્ષ જોષી | દાવડ | ૧૭ મી જૂન | 09409412352 |
| સુશ્રી યામીની વંદન પાઠક | ખેડાવાડા | ૧૭ મી જૂન | 09819863167 |
| શ્રી ઘનશ્યામ અનીરૂધ્ધભાઇ વ્યાસ | સાંપડ | ૧૮ મી જૂન | 09727722898 |
| શ્રી નવિનચંદ્ર ભજગોવિંદ ઉપાધ્યાય | જામળા | ૧૯ મી જૂન | 09920931733 |
| શ્રી સૌમ્યપ્રતીક અરૂણભાઇ જપી | સાચોદર | ૧૯ મી જૂન | (044)43307075 |
| શ્રી પાર્થ સંજયભાઈ ચોકસી | ઈલોલ-હિંમતનગર | ૨૦મી જૂન | 09167856110 |
| સુશ્રી કેતકીબેન સંજયભાઇ જોષી | દાવડ | ૨૦ મી જૂન | 09426282515 |
| શ્રી રમણિકલાલ દેવશંકર જોષી | ઈલોલ | ૨૨ મી જૂન | 09427689200 |
| શ્રી પુરણભાઈ રમેશભાઇ જપી | સાચોદર | ૨૩ મીજૂન | 09443656595 |
| શ્રી ભરતભાઇ કૃપાશંકર જપી | પ્રેમપુર | ૨૫ મી જૂન | 09833096603 |
| શ્રી મુકેશભાઈ નર્મદાશંકર જોષી | કડોલી | ૨૫ મી જૂન | 09426489661 |
| શ્રી સતીષભાઈ વાસુદેવ જોષી | આગલોડ | ૨૫મી જૂન | 09819598394 |
| સુશ્રી હેતલ ચીરાગ જોષી | દાવડ | ૨૭ મી જૂન | 09601271296 |
| સુશ્રી જીગીશા સમીર જોષી | દાવડ | ૨૮ મી જૂન | 08879115775 |
| શ્રી જીગ્નેશ રમણિકલાલ જોષી | ઈલાલ | ૨૮ મી જૂન | 09427689111 |
| શ્રી જમદગ્નીભાઇ મણીલાલ મહેતા | ખેડાવાડા | ૩૦ મી જૂન | 09725868709 |
| શ્રી અતુલભાઇ વિનોદભાઇ જોષી | આગલોડ | ૩૦ મી જૂન | - |
| શ્રી હરેશભાઇ કાંતિલાલ જોષી | જામળા | ૧ લી જૂલાઇ | 09925685781 |
| શ્રી ધર્મેન્દ્રભાઇ મહાશંકર જાની | દેરોલ | ૨ જી જૂલાઇ | 07622000776 |
| સુશ્રી દિપાલી વિપુલ પંડ્યા | જામળા | ૩ જી જૂલાઇ | 09638070369 |
| સુશ્રી હીનાબેન ધીરેન્દ્રભાઈ ભટ્ટ | આગલોડ | ૩ જી જૂલાઈ | 09428218668 |
| સુશ્રી પાયલ વીરાજ વ્યાસ | દેરોલ | ૩ જી જૂલાઈ | 09773254584 |
| શ્રી પરાગ પ્રવિણચંદ્ર જુઠાણી | દાવડ-મુંબઇ | ૫ મી જૂલાઇ | 09324685761 |
| શ્રી ઉર્વીશ અતુલભાઇ જપી | પ્રેમપુર | ૫ મી જૂલાઇ | 09879121049 |
| સુશ્રી જલ્પા જીગ્નેશ શાહ | આગલોડ-મુંબઈ | ૫ મી જૂલાઈ | 09820082122 |
| શ્રી વિનયભાઇ રમેશભાઇ જપી | સાચોદર | ૫ મી જૂલાઇ | 09710319451 |
| શ્રી શૈલેશ બચુભાઇ વ્યાસ | દેરોલ | ૫ મી જૂલાઈ | - |
| શ્રી વીરાજ જગદીપ વ્યાસ | દેરોલ | ૫ મી જૂલાઈ | 09820507703 |
| કુ.શ્રેયા જગદીપ વ્યાસ | દેરોલ | ૫ મી જૂલાઈ | 09819673355 |
| શ્રી રાજ જય પંડયા | જામળા | ૫ મી જૂલાઈ | 09699820176 |
| શ્રી દીલીપભાઇ વાસુદેવ જોષી | માંયદ | ૬ ઠ્ઠી જૂલાઇ | 09426047954 |
| શ્રી ચિંતન બટુકરાય મહેતા | જામળા-મુંબઈ | ૭મી જૂલાઈ | 09322018215 |
| સુશ્રી ગુણવંતીબેન પ્રવિણચંદ્ર જોષી | જામળા | ૭મી જૂલાઈ | (079)27680924 |
| સુશ્રી સુધાબેન નલિનભાઈ દેસાઇ | દેરોલ-મુંબઇ | ૮ મી જૂલાઇ | 09819203612 |
| શ્રી અમર અનીરૂદ્ધભાઇ જોષી | દાવડ | ૮ મી જૂલાઈ | 09004882442 |
| સુશ્રી પાયલ પરાગ જુઠાણી | દાવડ-મુંબઇ | ૮ મી જૂલાઇ | 09324685761 |
| શ્રી અમુલ વિનોદચંદ્ર જોષી | આગલોડ | ૮મી જૂલાઈ | 09987082147 |
| સુશ્રી વર્ષાબેન સંજયભાઈ ચોકસી | ઈલોલ-હિંમતનગર | ૮મ જૂલાઈ | 09998602999 |
| શ્રી રાહુલ પ્રવિણચંદ્ર જોષી | દાવડ-મુંબઇ | ૯ મી જૂલાઇ | 09820900858 |

આપ સર્વ ભાઈ-બહેનોને આ જન્મ દિવસે સુખ, આનંદ, નીરોગી, આયુષ્ય અને સમાજમય જીવન સાંપડો એ શુભેચ્છાસહ અભિનંદન. ‘સર્જન’ના સભાસદો અને/અથવા પેટ્રન-આધારસ્થંભ દાતા છે પણ આ વિભાગમાં જેઓના નામ પ્રગટ થયા નથી તેઓએ તેમના નામ અને જન્મ તારીખ તુરંત જણાવવા વિનંતી છે આ વિભાગમાં હવે **‘સર્જન’ના સભાસદોના અને**/અથવા **પેટ્રન-આધારસ્થંભ દાતાઓના નામ-ગામ અને જન્મતારીખ પ્રગટ થાય છે.** આજીવન સભાસદ ફી રૂા.૫૦૧/- અથવા પેટ્રન થવા માટે રૂા.૫૦૧/- કે તેથી વધુ દાન મોકલવા વિનંતી છે.

## પાઠય પુસ્તકો - બુક બેંક

**શ્રી સર્જન યુવક સંઘ**ના ઉપક્રમે ગત શૈક્ષણિક વર્ષ સન ૨૦૧૬ - ૨૦૧૭ની શરૂઆતમાં હિંમતનગર અનો આસપાસના ગામોના વિદ્યાર્થી ભાઈ-બહેનોને ધો. ૮ થી ૧૨ના પાઠ્યપુસ્તકો આપવામાં આવેલ. તેઓ સહુ વિદ્યાર્થી ભાઈ-બહેનોને વિનંતી છે કે પરીક્ષાઓ હવે પુરી થવાથી આ પાઠ્યપુસ્તકો તુરત જ હિંમતનગરમાં શ્રી હરિહરભાઈ પ્ર. વ્યાસ (ફોનઃઘરઃ (02772) 232882)ને પરત કરવા વિનંતી છે. હવે શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૨૦૧૮ની શરૂઆતમાં હિંમતનગર અને તેની આસપાસના ગામોના વિદ્યાર્થીભાઈ-બહેનોને ધો.૮ થી ૧૨ના પાઠયપુસ્તકો મેળવવા માટે હિંમતનગરમાં શ્રી હરિહરભાઈ પ્ર. વ્યાસ (ફોનઃ ઘર : (02772) 232882)નો સંપર્ક સાધવા વિનંતી છે.

**- આયોજક : શ્રી સર્જન યુવક સંઘ, મુંબઈ - હિંમતનગર**

## ગુજરાતી માયનોરીટી સર્ટીફીકેટ

મુંબઈમાં કોલેજોમાં ગુજરાતી માઈનોરીટી ક્વોટામાંથી ગુજરાતીઓને પ્રવેશ અપાય છે. આ ક્વોટામાંથી પ્રવેશ મેળવવા માટે શ્રી સર્જન યુવક સંઘ - પગથાર તરફથી જરૂરી સર્ટીફિકેટ પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ સંસ્થાના પેટ્રન (વાલી-માતા કે પિતા) વિદ્યાર્થીભાઈ - બહેનો માટે અપાશે. આ સર્ટીફિકેટ મેળવવા માટે જરૂરી વિગતો સાથે અરજીપત્ર આપવાની રહેશે.

**આપણા મંડળની ઓફીસે કવર મોકલતા ખાસ ધ્યાનમાં લેવા વિનંતી.....**

શ્રી સર્જન યુવક સંઘ, - મુંબઈ ઓફિસ ઉપર કવર મોકલો તો કવર ઉપર ખાસ "DROP" લખવા વિનંતી છે. કારણકે જો ઓફિસ બંધ હોય તો કવર પાછું જવાની પુરી સંભાવના રહે છે. આપનું કવર મંડળને વ્યવસ્થિત મળે અને પાછું ન જાય તે માટે નીચે મુજબ એડ્રેસ લખી મોકલવા વિનંતી છે. કવર ઉપર ખાસ "DROP" લખવા વિનંતી છે.

કાર્યાલય : શ્રી સર્જન યુવક સંઘ, ૬,ગુરૂકૃપા, નવવિકાસ સોસાયટી,ડૉ. મસ્કરન્સ વાડી,ઓફ લક્ષ્મણ મ્હાત્રે રોડ, નવાગાંવ ટેકરી, દહિસર-વેસ્ટ, મુંબઈ-400068.

**Website : www.pagthar.wordpress.com**

**E-mail : pagthar@yahoo.com or sarjan.pagthar@rediffmail.com**

## શ્રી સર્જન યુવક સંઘ,મુંબઈ

**પારિતોષક-શિષ્યવૃતિ શૈક્ષણિક વર્ષ સન ૨૦૧૬-૨૦૧૭**

૧) ધો.૫માં વિદ્યાર્થીભાઈ-બહેનોમાં સર્વાધિક ગુણાંક મેળવનારને **ચંદ્રિકાબેન અમૃતલાલ વ્યાસ પારિતોષક**

૨) ધો.૬માં વિદ્યાર્થીભાઈ-બહેનોમાં સર્વાધિક ગુણાંક મેળવનારને **સુમીત્રાબેન મણીલાલ જોષી પારિતોષક**

૩) ધો.૭માં વિદ્યાર્થીભાઈ-બહેનોમાં સર્વાધિક ગુણાંક મેળવનારને **મણીલાલ જીવતરામ જોષી પારિતોષક**

૪) ધો.૮માં વિદ્યાર્થીભાઈબહેનોમાં સર્વાધિક ગુણાંક મેળવનારને **જયંતિલાલ મગનલાલ જોષી પારિતોષક**

૫) ધો.૯માં વિદ્યાર્થીભાઈ-બહેનોમાં સર્વાધિક ગુણાંક મેળવનારને **દીપાલી દેવદત રાવલ પારિતોષક**

૬) ધો.૫ થી ૯માં વિદ્યાર્થીભાઈઓમાં સર્વાધિક ગુણાંક મેળવનારને **જતિન રજનીકાંત પંડયા પારિતોષક**

૭) ધો.૫ થી ૯માં વિદ્યાર્થીબહેનોમાં સર્વાધિક ગુણાંક મેળવનારને **જતિન રજનીકાંત પંડયા પારિતોષક**

૮) S.S.C.(Matriculation,I.C.S.E,C.B.S.C.,ધો.૧૦)માં વિદ્યાર્થીભાઈ-બહેનોમાં સર્વાધિક ગુણાંક મેળવનાર ને **વાસુદેવ જગન્નાથ જપી પારિતોષક**

૯) **S.S.C.(Matriculation,I.C.S.E., C.B.S.C.,**ધો.૧૦)માં વિદ્યાર્થીભાઈઓમાં સર્વાધિક ગુણાંક મેળવનારને **હીરાબેન નાનાલાલ જોષી પારિતોષક**

૧૦) **S.S.C.(Matriculation,I.C.S.E.,C.B.S.C.**,ધો.૧૦)માં વિદ્યાર્થીબહેનોમાં સર્વાધિક ગુણાંક મેળવનારને **દીવાળીબેન શોભારામ જોષી પારિતોષક**

૧૧) **S.S.C.( Matriculation, I.C.S.E., C.B.S.C.,**ધો.૧૦)માં વિદ્યાર્થીભાઈ-બહેનોમાં ગણિતમાં સર્વાધિક ગુણાંક મેળવનારને **ગુણવંતીબેન નાગરદાસ વખારીયા પારિતોષક**

૧૨) **S.S.C.(Matriculation,I.C.S.E., C.B.S.C.,**ધો.૧૦)માં વિદ્યાર્થીભાઈ-બહેનોમાંગુજરાતીમાં સર્વાધિક ગુણાંકમેળવનારને **કુ. સરોજ અંબાલાલ ઠાકર પારિતોષક**

૧૩) **S.S.C. ( Matriculation, I.C.S.E., C.B.S.C.,**ધો.૧૦)માં વિદ્યાર્થીભાઈ-બહેનોમાં હિંદીમાં સર્વાધિક ગુણાંક મેળવનારને **ઉર્મીયાબેન કપીલદેવ ઠાકર પારિતોષક**

૧૪) **S.S.C.( Matriculation, I.C.S.E., C.B.S.C.,**ધો.૧૦)માં વિદ્યાર્થીભાઈ-બહેનોમાં અંગ્રેજીમાં સર્વાધિક ગુણાંક મેળવનારને **કપીલદેવ હરગોવિંદદાસ ઠાકરપારિતોષક**

૧૫) **S.S.C.( Matriculation, I.C.S.E., C.B.S.C.,**ધો.૧૦)માં **Science & Technology** વિષયમાં વિદ્યાર્થીભાઈ બહેનોમાં સર્વાધિક ગુણાંક મેળવનારને **શશીકળાબેન ભાનુશંકર જોષી પારિતોષિક.**

૧૬) **S.S.C.( Matriculation, I.C.S.E.,C.B.S.C.,**ધો.૧૦)માં Social Study સમાજશાસ્ત્ર વિષયમાં વિદ્યાર્થીભાઈ-બહેનોમાં સર્વાધિક ગુણાંક મેળવનારને **પદમાબેન ભરતભાઈ જપી પારિતોષિક.**

૧૭) સંસ્કૃતમાં વિદ્યાર્થીભાઈ-બહેનોમાં સર્વાધિક ગુણાંક-વિશિષ્ટ સ્થાન મેળવનારને **પૂર્ણિમાબેન કાન્તીલાલ ઠાકર-મધુબેન પરિમલભાઈ જપી પારિતોષક**

૧૮) **H.S.C.**(હાયર સેકંડરી - સેન્ટ્રલ બોર્ડ) માં વિદ્યાર્થી ભાઈ-બહેનોમાં સર્વાધિક ગુણાંક મેળવનારને **નાથાલાલ ગણપતરામ ઠાકર પારિતોષક**

૧૯) **H.S.C.**(હાયર સેકંડરી - સેન્ટ્રલ બોર્ડ) માં વિદ્યાર્થી બહેનોમાં સર્વાધિક ગુણાંક મેળવનારને **શાંતાબેન મણીલાલ પંડયા પારિતોષક**

૨૦) **H.S.C.**(હાયર સેકંડરી - સેન્ટ્રલ બોર્ડ) ગુજરાત બોર્ડના સાયન્સ (વિજ્ઞાન) પ્રવાહમાં વિદ્યાર્થીભાઈ-બહેનોમાં સર્વાધિક ગુણાંક મેળવનારને **પ્રેમીલાબેન ડાહ્યાલાલ જોષી પારિતોષક**

૨૧) **H.S.C.**(હાયર સેકંડરી - સેન્ટ્રલ બોર્ડ) કોમર્સમાં વિદ્યાર્થી ભાઈઓમાં સર્વાધિક ગુણાંક મેળવનારને **શીવશંકર શોભારામ જોષી પારિતોષક**

૨૨) **H.S.C.**(હાયર સેકંડરી - સેન્ટ્રલ બોર્ડ) કોમર્સમાં વિદ્યાર્થી બહેનોમાં સર્વાધિક ગુણાંક મેળવનારને **જીવીબેન શીવશંકર જોષી પારિતોષક**

૨૩) **H.S.C.**(હાયર સેકંડરી - સેન્ટ્રલ બોર્ડ) સાયન્સ (વિજ્ઞાન) પ્રવાહમાં વિદ્યાર્થી ભાઈ-બહેનોમાં સર્વાધિક ગુણાંક મેળવનારને **જયેશ કિરણચંદ્ર ત્રિવેદી - સાંકુબેન ચુનીલાલ ત્રિવેદી પારિતોષક**

૨૪) **H.S.C.**(હાયર સેકંડરી - સેન્ટ્રલ બોર્ડ) ના સાયન્સ સ્ટ્રીમ વિજ્ઞાન પ્રવાહમાં વિદ્યાર્થી ભાઈ-બહેનોમાં Maths ગણિત વિષયમાં સર્વાધિક ગુણાંક મેળવનારને **ઉપેન્દ્રભાઈ મુળજીરામ જોષી પારિતોષક**

૨૫) **H.S.C.**(હાયર સેકંડરી - સેન્ટ્રલ બોર્ડ) English માં વિદ્યાર્થી ભાઈ-બહેનોમાં સર્વાધિક ગુણાંક મેળવનારને **ભરતભાઈ વિઠ્ઠલદાસ પાઠક પારિતોષક**


શુભેચ્છા સહ...

# સ્વ. પરિમલ નાથાલાલ ભટ્ટ

તાલુકા : વિજાપુર, જિલ્લા : મહેસાણા,
આગલોડ, ઉત્તર ગુજરાત

૨૬) એજ્યુએશન (**Except B.A., B.Com., B.Sc., B.E., B.Tech.,**) માં વિદ્યાર્થી ભાઈઓમાં સર્વાધિક ગુણાંક મેળવનારને **દયાશંકર શોભારામ જોષી પારિતોષક**

૨૭) એજ્યુએશન (**Except B.A., B.Com., B.Sc., B.E., B.Tech.,**) માં વિદ્યાર્થીબહેનોમાં સર્વાધિક ગુણાંક મેળવનારને **નર્મદાબેન જેઠીરામ વ્યાસ પારિતોષક**

૨૮) **B.Sc.,**માં વિદ્યાર્થીભાઈબહેનોમાં સર્વાધિક ગુણાંક મેળવનારને રૂા.૫૦૧/- નું **મંજુલાબેન રમેશભાઈ જ્પી પારિતોષક**

૨૯) **B.A.,**માં વિદ્યાર્થીભાઈબહેનોમાં સર્વાધિક ગુણાંક મેળવનારને રૂા.૫૦૧/- નું **શાંતાબેન રમણિકલાલ જોષી પારિતોષક**

૩૦) **B.Com.,**માં વિદ્યાર્થીભાઈબહેનોમાં સર્વાધિક ગુણાંક મેળવનારને રૂા.૫૦૧/- નું **ચંદ્રીકાબેન પુરૂષોત્તમદાસ ઉપાધ્યા પારિતોષક**

૩૧) **B.E., B.Tech.,**માં વિદ્યાર્થીભાઈબહેનોમાં સર્વાધિક ગુણાંક મેળવનારને **ભરતભાઈ નારાયણદાસ જ્પી પારિતોષક**

૩૨) **M.Com.,**માં વિદ્યાર્થીભાઈબહેનોમાં સર્વાધિક ગુણાંક મેળવનારને **મીરાતબેન વિઠ્ઠલરામ ભટ્ટ પારિતોષક**

૩૩) **M.Sc.,**માં વિદ્યાર્થીભાઈબહેનોમાં સર્વાધિક ગુણાંક મેળવનારને **ચંચળબેન બાબુલાલ જોષી પારિતોષક**

૩૪) **Post Graduation (M.A., M.Com., M.Sc.)** માં વિદ્યાર્થી ભાઈબહેનોમાં સર્વાધિક ગુણાંક મેળવનારને **પંકજ મનુભાઈ જ્પી પારિતોષક**

૩૫) **H.S.C.,**હાયર સેકંડરી (૧) વિદ્યાર્થીભાઈઓમાં (૨) વિદ્યાર્થી બહેનોમાં ૭૦ ટકા કે તેથી વધુ ગુણાંક મેળવનાર વિદ્યાર્થીભાઈઓને રૂા.૫૦૧/- અને વિદ્યાર્થીબહેનોને રૂા.૫૦૧/-**ગોમતીબેન ચુનીલાલ ઠાકર હસ્તે જશુમતીબેન સુમનભાઈ ઠાકર શિષ્યવૃત્તિ** એનાયત થાય છે.

૩૬) પ્રોફેશનલ ડીગ્રી પ્રાપ્ત કરનાર પ્રત્યેકને **શારદાબેન વાસુદેવ જોષી સરસ્વતી ગૌરવ પારિતોષક**,**રેવા શંકર કેશવરામ જ્પી સરસ્વતી ગૌરવ પારિતોષક** અને **પદમાવતી અશ્વિનભાઈ ઠાકર સરસ્વતી ગૌરવ પારિતોષક** અપાશે.

૩૭) આવેલ સુચનો-અનુમોદનો અનુસાર સન ૨૦૧૭માં સંગીતના ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરનારને **નર્મદાશંકર બલદેવરામ રાવલ પારિતોષક** સન ૨૦૧૭ પછી અપાશે.

૩૮) આવેલ સુચનો-અનુમોદનો અનુસાર વર્ષ ૨૦૧૭ દરમિયાનના શ્રેષ્ઠ વક્તાને **જશુમતીબેન સુમનભાઈ ઠાકર પારિતોષક** સન ૨૦૧૭ પછી અપાશે.

૩૯) સન ૨૦૧૭માં ફીલ્મી ગીતો ઉપર આધારિત ન હોય એવા સ્વરચિત ભજનોમાં શ્રેષ્ઠ પ્રદાન કરનારને અથવા કર્મકાંડમાં અગ્રીમ યોગદાન આપેલ હોય અથવા પદવી/ ઉપાધિ મેળવનારને અથવા સંશોધન અથવા કોઈ પદવી/ ઉપાધિ મેળવનારને **રાધેશ્યામ મહારાજ સ્મિૃતિ પારિતોષક** સન ૨૦૧૭ પછી અપાશે.

૪૦) આવેલ સુચનો-અનુમોદનો અનુસાર સન ૨૦૧૭ દરમિયાન પ્રગટ થયેલ સર્વ પદ્ય અને ગદ્યમાંથી શ્રેષ્ઠ પદ્ય અને શ્રેષ્ઠ ગદ્યને અલગ અલગ **રમણિકલાલ મણીલાલ જોષી પારિતોષક** સન ૨૦૧૭ પછી અપાશે.

આ શૈક્ષણિક પારિતોષિકો-શિષ્યવૃત્તિઓ માટે વિદ્યાર્થીભાઈ-બહેનોએ શૈક્ષણિક-વર્ષ સન ૨૦૧૬-૨૦૧૭ની પરીક્ષાઓના પરિણામની પ્રમાણિત નકલ સંસ્થાના મુંબઇ કાર્યાલયમાં અથવા હિંમતનગરમાં શ્રી હરિહરભાઈ પ્ર.વ્યાસને મોકલવા વિનંતી છે.


**ભરત પટેલ**
**M (O) 09586826814**

**દેવાંગ પંડયા**
**M (O) 9879034149**

**જે.કે.એન્ટરપ્રાઈઝ**

ઉત્પાદક : સ્ટીલ પાવડા, લોખંડ પાવડા

મુ.નવા સંઘપુર, તા. વિજાપુર, જિલ્લો : મહેસાણા. (ઉ.ગુ)
**Email : dev_pandya1989@yahoo.com**

With Best Compliments From :



**ARYANIVAS**

**RESIDENTAL HOTEL**

KALBADEVI ROAD, MUMBAI - 400 002.
PHONE - (022) 2201 1011, 2205 1211, 2206 6679 GRAM : ARYANIVAS, MUMBAI - 2.




સંપ માટીએ કર્યે, ને ઈંટ બની...ઈંટોનું ટોળુ થયું ને ભીંત બની...ભીંતો એકબીજાને મળી ને 'ઘર' બન્યું....જો નિર્જીવ વસ્તુઓ પ્રેમ અને લાગણી સમજતા હોય, તો આપણે તો માનવી છીએ સહુને ભેગા કરવાની તાકાત પ્રેમમાં છે, અને સહુને નોખા કરવાની તાકાત વહેમમાં છે

## શૈક્ષણિક સહાય-સન ૨૦૧૭-૨૦૧૮

શ્રી સર્જન યુવક સંઘ તરફથી શૈક્ષણિક શિષ્યવૃત્તિ, યુનિફોર્મ, ટેક્ષ્ટબુકો વિગેરેની સહાય સંસ્થાના સભાસદો અને તેમના પરિવારોના જરૂરીયાતવાળા વિદ્યાર્થીભાઇબહેનોને આ શૈક્ષણિક વર્ષ સન ૨૦૧૭-૨૦૧૮ દરમિયાન પણ અપાશે. સન ૨૦૦૬થી શરૂ કરાયેલ આ યોજનામાં જરૂરિયાતવાળા વિદ્યાર્થીભાઇબહેનોને શિષ્યવૃત્તિ, યુનીફોર્મ, ટેકસ્ટબુકો વિગેરેની શૈક્ષણિક સહાયના સ્વરૂપે સંસ્થા તરફથી **સ્વ. જતીન રજનીકાન્ત પંડ્યા, સ્વ. પ્રેમીલાબેન ડાહ્યાલાલ જોષી, સ્વ. જયેશ કિરણચંદ્ર ત્રિવેદી, સુશ્રી મહેશ્વરીબેન દીલીપભાઈ વ્યાસ અને એક સદ્‌ગૃહસ્થના સ્મરણાર્થે** સ્કોલરશીપ અપાશે. આ માટે સંસ્થાના કાર્યાલય (૬, ગુરૂકૃપા, ડો. મસ્કરન્સ વાડી, નવવિકાસ સોસાયટી, નવાગાંવ ટેકરી, ઓફ લક્ષ્મણ મ્હાત્રે રોડ, દહિંસર (વેસ્ટ), મુંબઇ - 400 068) માં જરૂરી કાગળો સાથે અરજીપત્ર મોકલવા વિનંતી છે.

## લગ્ન   મંડપ

- સુશ્રી ભારતીબેન તથા સ્વ.રવિન્દ્રભાઈ કોદરલાલ પંડયા (પ્રેમપુર)ના સુપુત્ર **ચિ.નીલકંઠ**ના લગ્ન સુશ્રી પ્રફુલ્લાબેન તથા શ્રી ગીરીશભાઈ શાંતિલાલ જોષી (ઈલોલ)ની સુપુત્રી **ચિ.યશસ્વી** સાથે સપ્તેશ્વરમાં તા.૭-૫-૨૦૧૬ના રોજ થયાં છે.

**શ્રી સ.સા.ઔ.બ્ર.સમાજ ટ્રસ્ટ** અને **'સર્જન-પગથાર'** તરફથી નવદંપતિને આશિષભર્યા અભિનંદન.

## અગીયારસ વ્રતોધાપન

**નીરંજનાબેન ગુણવંતલાલ ઉપાધ્યાય** (બેરણા)નો તા.૨૨/૨૩-૪૨૦૧૭ના રોજ હિંમતનગરમાં અગીયારસ વ્રતોદ્યાપન ઉત્સવ ઉજવાયો હતો.

જીવનલીલા સંકેલી લીધા બાદ પણ અન્યોની જીંદગીમાં દ્રષ્ટિથી પ્રકાશ રેલાવતા જવું એમાંથી મોટું ક્યું પુણ્ય હોઇ શકે ?

**ચક્ષુદાન કરો અને એ પુણ્યના હકદાર બનો**

**દેહોત્સર્ગ**

આંખનું જતન કરો ! મૃત્યુ બાદ ચક્ષુદાન કરો !

પગથારમાં ચક્ષુદાતા/દેહદાતાની મરણનોંધ સાથે ચક્ષુદાતા/દેહદાતાનો ફોટો પ્રગટ થાય છે.

'પગથાર' ની આ મરણનોંધમાં સ્વર્ગસ્થ સ્વજનના નામ સાથે સગપણ અને નામો પ્રગટ થાય છે. આવા નામો અને સગપણ 'પગથાર' ને ઈ-મેઈલથી તુરત જ જણાવવા વિનંતી છે જેથી શરતચૂક ન થાય. સ્વર્ગસ્થને શ્રદ્ધાંજલિમાં લખાણ, ફોટો અને નામ પ્રગટ કરવાના હોય તેઓએ સ્વર્ગસ્થનો ફોટો, નામ અને લખાણની વિગતો જણાવવા વિનંતી છે. આવા એક આખા પાનાના રૂા. ૧૫૦૦/- શ્રી સર્જન યુવક સંઘને આપવાના થશે.

- **સંજય રાજેન્દ્રભાઈ જોષી** (ઉ.વ.૩૨, મોયદ, સુશ્રી રેખાબેન તથા શ્રી રાજેન્દ્રભાઈ વાસુદેવ જોષીના પુત્ર, સુશ્રી પુજાના પતિ અને સુશ્રી અન્નપૂર્ણાબેન તથા શ્રી વિક્રમભાઈ પ્રહેલાદજી વ્યાસ (સાંપડ)ના જમાઈ) નો મોયદમાં તા.૩૦-૪-૨૦૧૭ના રોજ સ્વર્ગવાસ થયો છે.
- **અરવિંદભાઈ ડાહ્યાલાલ પંડ્યા** (ઉ.વ.૫૮, જામળા, સુશ્રી ગીતાબેનના પતિ, સુશ્રી મંજુલાબેનના પુત્ર, આનંદ તથા સુશ્રી નમ્રતા ધ્રુવ રાવલ (આગલોડ)ના પિતા અને સ્વ.જશોદાબેન તથા સ્વ.રતિલાલ મોહનલાલ જોષી (દાવડ)ના જમાઈ)નો જામળા-હિંમતનગરમાં ૭/૮-૫-૨૦૧૭ના રોજ સ્વર્ગવાસ થયો છે.
- **સાવિત્રીબેન અંબલાલ જપી** (ઉ.વ.૮૫, સાચોદર, સ્વ.અંબાલાલ જગન્નાથ જપીના પત્ની, નરેશ, જગત તથા સુશ્રી સુનંદા રાજનભાઈ યાજ્ઞીકના મમ્મી અને સ્વ.ચંપાબેન તથા સ્વ.જગન્નાથ હીંમતરામ પાઠક (ખેડાવાડા)ની દીકરી)નો અમદાવાદમાં તા.૨૨-૫-૨૦૧૭ના રોજ સ્વર્ગવાસ થયો છે.
- **બાલકૃષ્ણ મગનલાલ ઉપાધ્યાય** (ઉ.વ.૯૦, જામળા, સુશ્રી ભગવતીબેનના પતિ, રાજેન્દ્ર, વિજય, સુશ્રી ચેતના પ્રફૂલ્લભાઈ જોષી (લીંભોઈ)તથા સુશ્રી પ્રતિમા શરદભાઈ ભટ્ટ (જેપુર)ના મમ્મી અને સ્વ.બચુભાઈ ચુનીલાલ ઠાકર (રંગપુર)ના બનેવીનો હિંમતનગરમાં તા.૨૨-૫-૨૦૧૭ના રોજ સ્વર્ગવાસ થયો છે.

**શ્રી સ.સા.ઔ.બ્ર.સમાજ ટ્રસ્ટ** તથા **સર્જન-પગથાર** સ્વર્ગસ્થોના આત્માની શાંતિ અર્થે પ્રાર્થના કરે છે અને એમના સ્વજનોને સાંત્વના પાઠવે છે.

## માતુશ્રી મણીબા તથા મનુભાઈ લલ્લુરામ રાવલ (સાચોદર) સેવાનિધિ

ઉપરોક્ત **માતુશ્રી મણીબા તથા મનુભાઈ લલ્લુરામ રાવલ (સાચોદર) સેવાનિધિ** (હ.: શ્રી મહેશભાઈ છો. જોષી) અન્વયે સામાજીક ઋણ મુક્તિ યજ્ઞ કેટલાક વર્ષથી પ્રતિવર્ષ યોજાય છે. આ સેવા યજ્ઞ અન્વયે સત્તાવીસ સાબરકાંઠા ઔદિચ્ય બ્રાહ્મણ પરિવારમાં જરૂરિયાતવાળા કુટુંબોમાં વેદકિય, શૈક્ષણિક, વૃધ્ધજન સેવા અને અન્ન સેવા અપાય છે. આ નિસ્વાર્થ સેવાયજ્ઞ છેલ્લા બાર વર્ષથી યોજાય છે. આ પ્રવૃત્તિનું સંચાલન શ્રી મહેશભાઈ છો. જોષી (ફોન : (079) 27432011, M (O) 9426542795 પરિક્ષિત, ૨૪૯ હીરાબાગ II કર્મચારીનગર પાસે, ઘાટલોડીયા, અમદાવાદ -380061) કરી રહ્યા છે. જરૂરિયાતવાળા કુટુંબોએ તેમનો સંપર્ક કરવા વિનંતી છે.


જોઈતું મળી જાય એ 'સમૃદ્ધિ' છે, પણ એના વિના ચલાવી શકીએ એ તો 'સામર્થ્ય' છે.....

# શતાબ્દિનું સ્વાગત કરીએ...

હજુ ગયા વર્ષે જ ભારતે આઝાદીનાં પચાસ વર્ષ ઉજવ્યાં, ત્યાં તો આ વર્ષે એકવીસમી શાતબ્દિનું સ્વાગત કરવા સમગ્ર વિશ્વ કમરબાંધી તૈયાર થઈ ગયું છે. પૃથ્વી એ તો હજારો શતાબ્દિઓના સૂર્યોદય જોયા છે, તો કેટલીય શતાબ્દિઓને કાળગર્તામાં વિલિન થતી પણ જોઈ છે. બરાબર એકસો વર્ષ પહેલાં જેવો સૂર્ય ઉગ્યો હતો એવોજ સૂર્યોદય પહેલી જાન્યુઆરી ૨૦૦૦ના રોજ વહેલી સવારે ઉગ્યો હશે. પ્રકૃતિને કશોજ ફરક પડતો નથી, ફરક ફક્ત માનવ સમુદાયને પડે છે. ઉજવણીના કોઈને કોઈ બહાના નીચે માનવ સમુદાય પાગલ કહેવડાવે ત્યાં સુધી મદોન્મત બની જાય છે. છેલ્લા એકાદ મહિનાથી વિશ્વમાં અને ભારતવર્ષમાં ૨૦મી શતાબ્દિ દરમ્યાન બનેલી ઘટનાઓ કે દુર્ઘટનાઓ, યાદગાર પ્રસંગો અને જન્મ લઈ વિશિષ્ટ કાર્ય પ્રદાન કરી વિલિન થઈ ગયેલ મહાપુરુષોની ગાથાઓથી સવાર-સાંજના છાપાઓ ઉભરાતા જોવા મળે છે, ત્યારે 'પગથાર'ને પણ આપણા સમાજના એકસો વર્ષના ભૂતકાળ તરફ પાછું વળીને જોવાનું મન થાય તે સાવ સ્વાભાવિક છે.

ઈતિહાસ ચીલાચાલુ બનાવોની અને પોતાની ઘટમાળામાંજ રચ્યા-પચ્યા રહેતા વ્યક્તિઓની ક્યારેય નોંધ લેતો નથી. ઈતિહાસને તો આંખો આંજી નાખે અને નેવાં-નાં પાણી મોભે ચડે તેવાં અસામાન્ય બનાવોમાંજ રસ હોય છે અને તેની નોંધ ઈતિહાસના પાને અવશ્ય લેવાતી પણ હોય છે.

ગત્ સો વર્ષમાં આપણા સમાજે શું ભાળ્યું, અનુભવ્યું કે સાક્ષી ભાવ કેળવ્યો તેની વિગતોમાં ન ઉતરીએ તો પણ આપણે એ સ્વિકારવું જ પડશે કે સાબરમતીના તીર પ્રદેશ પર આવેલાં સતાવીસ ગામડાઓમાં પથરાયેલો આપણો સમાજ મોટે ભાગે દેશના વિવિધ શહેરોમાં પથરાઈ ભાતીગળ સાથીયા પૂરી રહ્યો છે. એકસો વર્ષ પહેલાં આપણા ગામોમાં ભાગ્યે જ એકદા ઘર બંધ મળતું, આજે એકાદ બે ગામ બાદ કરતાં આપણા પરિવારોના મોટા ભાગના ઘરો બંધ થઈ ગયા છે. જમીનદાર કે જાગીરદાર કહેવડાવે તેટલી જમીન ધારણ કરતા અને ખેતીમાં મબલખ પાક પેદા કરતા આપણા એ વડીલોની ત્રીજી પેઢી પાસે એક ચાસ જેટલી પણ જમીન રહી નથી અને ખેતી કેમ થાય એની ખબર નથી. મગફળી ડાળી પર બેસે કે જમીનની અંદર પાકે તેની જાણકારી પણ નથી.

સ્વભાવે અને સંસ્કારે શહેરી બની બેઠેલી સમાજની આજની પેઢીને તેમના પારિવારીક મૂળ સત્તાવીસના કોઈ ગામોમાં પાંગર્યા હતા અને સંવર્ધિત થયા હતા તેની માહિતી પણ નથી અને આવી માહિતી મેળવવાની કોઈ ઉત્કંઠા પણ નથી.

આપણે એ પણ નોંધવું પડશે કે આપણા સમાજનો મોટો ભાગ સો વર્ષ પહેલાં કાં તો ખેતીમાં, કાં તો રસોઈના અને કાંતો મહેતાજી કે મૂનીમ તરીકેના વ્યવસાયમાં કાર્યરત હતો અને જીવન નિર્વાહ કરતો હતો. આજે સો વર્ષ પછી તેમની ત્રીજી-ચોથી પેઢી બાપદાદાથી અલગ ક્ષેત્રોમાં ખેડાણ કરી નોકરી, ધંધા કે વ્યવસાયિક જીવનમાં સફળ થઈ અગ્રસ્થાને કાર્ય કરી રહ્યા છે. સૌ વર્ષ પહેલાંના આપણા એ વડીલો મધ્યમવર્ગીય પરિવારમાં વ્યવહાર ચલાવી આર્થિક સંકળામણમાં રહેતાં હોવા છતાં દિલના ઉદાર, ભાવુક, પ્રેમાળ અને લાગણી સભર હતા. તેમની આજની પેઢીઓએ સંપન્નતા મેળવી હોવા છતાં તેમના વ્યવહારો, સ્વાર્થ-ભાવ પ્રેરિત, સ્વકેન્દ્રીયુક્ત અને સંકુચિતતાથી સભર જોવા મળે છે એ પણ નિશંક નોંધવું રહ્યું.

સો વર્ષ પહેલાં લગ્ન સંબંધ બાંધવો, ટકાવવો કે નિભાવવો એ એક આદર્શ ગણાતો હતો જ્યારે હવે આજે સંબંધ બંધાય છે, કાલે લગ્ન થાય છે અને પછીના દિવસથી લગ્ન વિચ્છેદની વાત આજની પેઢી સહજ રીતે કરી શકે છે. આ શતાબ્દિની બલીહારી છે.

વીસમી સદીના પૂર્વાધમાં પરિવારનો પરિઘ કાકાઈ કે પિત્રાઈ ભાઈઓના પરિવાર સુધી વિસ્તરેલો હતો જે સદીના ઉત્તરાર્ધમાં પતિ, પત્ની અને બાળકો કુટુંબની વ્યાખ્યા બનતાં સંકોચાઈને સાંકડો બની ગયો છે.

ગત એકસો વર્ષ દરમિયાન એક ખૂબ મહત્વનો બનાવ સમાજ ક્ષેત્રે બન્યો અને તે શ્રી સત્તાવીશ સાબરકાંઠા ઔદીચ્ય બ્રહ્મોદય સમાજ ટ્રસ્ટની સ્થાપનાનો. તે વખતના તરવરીયા નવયુવાનોએ "કન્યાવિક્રયની ક્રુરતા" નાટક જોયા પછી સમાજમાંથી કન્યાવિક્રયની બદીને નેસ્ત નાબૂત કરવા એક સંગઠિત સંસ્થાની જરૂરિયાત જણાઈ અને આ વિચાર મંથનમાંથી ઉદભવ્યું આપણું સમાજ ટ્રસ્ટ. ત્યારબાદ ઉડીને આંખે વળગે તેવા મહત્વના બનાવમાં સમાજ ટ્રસ્ટે સાબરમતી વિદ્યાર્થી ભુવન નામની દીર્ઘ દ્રસ્ટી યુક્ત પ્રવૃત્તિની શરૂઆત કરી. જેણે આપણા આખાય સમાજની સિકલ બદલી નાખી. પ્રથમ વિજાપુર, ત્યારબાદ સાન્તાક્રુઝ પછી બોરીવલી અને છેલ્લે હિંમતનગર સુધી સ્થળાંતર થતા રહેતા ભુવનમાં રહી આપણા યુવાનો રહેવા, જમવાની સુવિધા સાથે ભણવા લાગ્યા અને આ પ્રવૃત્તિ સમાજ માટે ઉપકારક સાબિત થઈ. આજે તેમની બીજી - ત્રીજી પેઢીના સંતાનોને હવે ભુવનની આવશ્યકતા જણાતી નથી. આજના સંજોગોમાં ભુવનની જરૂરીયાત અપ્રસ્તુત બની ગઈ હોય તેમ લાગે છે.

સામાજિક ક્ષેત્રે આવો જ બીજો બનાવ શ્રી સત્તાવીસ સાબરકાંઠા નવદુર્ગા મંડળની સ્થાપનાનો બન્યો. શક્તિની ભક્તિ અને ઉપાસનાને કેન્દ્રમાં રાખી મુંબઈમાં ફૂલગલીમાં નવરાત્રિ ઉજવવાની શરૂઆત કરી. આ સંસ્થાએ મુંબઈમાં આપણા પરિવારોમાં ભાવાત્મક એકતા કેળવી અને જાળવી. આજે એંસી વર્ષથી આ સંસ્થા અવિરત અને સતત આપણો સંસ્કૃતિક વારસો જાળવી રહી છે અને બોરીવલી મુંબઈમાં શક્તિ ઉપાસનાનું અનેરૂ કાર્ય કરી રહી છે.

આવો જ એક ત્રીજો બનાવ ઈ.સ.૧૯૬૯/૭૦માં બન્યો. સમાજના આંગળીનાં વેઢે ગણાય એટલા તરવરીયા નવયુવાનો એકઠા થઈ 'પગથાર'નામનું સમાજના મુખપત્ર જેવું ત્રૈમાસિક શરૂ કર્યું અને આ 'પગથાર'ના સુસંચાલન માટે ઈ.સ. ૧૯૭૨માં શ્રી સર્જન યુવક સંઘ નામની સંસ્થા આગવી રીતે શરૂ કરી અને

આ સંસ્થા દ્વારા સમાજોપયોગી વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ પણ શરૂ કરી. આજે 'પગથાર' માસિક સ્વરૂપે પ્રતિમાસ નિયમિત રીતે પરિવારના સહુને ઘેર-ઘેર પહોંચે છે અને ભાવાત્મક એકતા જાળવવાનું સુંદર કાર્ય કરે છે. સમાજ ટ્રસ્ટ અને સર્જન યુવક સંઘનો સુમેળ ભર્યો સમન્વય પરસ્પરને પૂરક બન્યો છે અને જ્ઞાતિ સેવાના ઘણા ઉપયોગી કાર્યો આ સમન્વયથી સરળ રીતે થવા લાગ્યાં છે.

જેમ સમાજ ટ્રસ્ટની વિદ્યાર્થી ભુવન, કન્યા કેળવણી, વિધવા સહાય, સ્નેહસંમેલન જેવી પ્રવૃત્તિઓ ગત સદી દરમિયાન ઉપકારક રહી છે તેમ શ્રી સર્જન યુવક સંઘની 'પગથાર', સમૂહ યજ્ઞોપવિત્-લગ્ન સમારંભો, સરનામા ડાયરી, શૈક્ષણિક પ્રવૃત્તિઓ, આનંદ પર્યટન જેવી વિવિધ પ્રવૃત્તિઓ સમાજને સંગઠીત રાખવામાં ખૂબ ઉપયોગી સાબિત થઈ છે, તો નવદુર્ગા મંડળે આ સદી દરમિયાન આપણા સાંસ્કૃતિક વારસાને જાળવવા પ્રશંસનીય કાર્ય કર્યું છે.

આમ આ સંસ્થાઓ આપણી વીસમી સદીની અનન્ય ઉપલબ્ધિઓ છે. આ સંસ્થાઓ સ્થાપનાર એ આર્ષદ્રષ્ટા વડીલોને શત-શત પ્રણામ કરવાનું મન થાય તે સ્વાભાવિક છે.

એકવીસમી સદીમાં આ સંસ્થાઓની મૂળવણી આપણી આજની પેઢી અલગ રીતે કરશે અને તેની ઉપયોગીતાને પણ પોતાની રીતે મૂલવશે, છતાં એટલું જરૂર કહી શકાય કે આ સંસ્થાઓનું ભાવિ ખૂબ ઉજ્જવળ છે હજુ આવતી સદીઓ સુધી સમાજને સતત ઉપયોગી થતી રહેશે તેવી શ્રદ્ધા છે.

આ એકસો વર્ષમાં સાબરમતીમાં ઘણાં પાણી વહી ગયા છે. આ વર્ષો દરમિયાન સમયે-સમયે ઘણા નરબંકાઓએ સમાજમાં પોતાના અસ્તિત્વનાં અજવાળા પાથર્યા છે અને ઉલ્લેખનીય યોગદાન આપી પરમતત્વમાં વિલીન પણ થઈ ગયા છે. (સ્મૃતિદોષના કારણે કોઈ નામનો નામોલેખ કરવાનો રહી જાય તેમ હોઈ વ્યક્તિગત નામો ઉલેખ કરવાનો મોહ જતો કર્યો છે.) આ બધા આપણા સમાજના તેજસ્વી તારલાઓ હતા જેમના તેજલિસોટાએ આપણને ઢંઢોળી જાગૃત કર્યા છે અને સંસ્કારોની મહામૂલી થાપણ આપણને સોંપતા ગયા છે. આપણે તેને જાળવવી પડશે અને ભાવિ પેઢીને સલામત સોંપવી પણ પડશે.

એકવીસમી સદીના ગર્ભમાં રહેલો સૂર્ય ઉજ્જળ રીતે પ્રકાશવાનો છે. આપણને અને આપણી આવનારી પેઢીઓને તુષ્ટ અને પુષ્ટ કરવાનો છે. વિકાસની, વિચારની અને સંસ્કારની નવી દિશાઓ ખોલવાની છે, આવો સૌ સાથે મળી શતાબ્દિનું સ્વાગત કરીએ, તેને વધાવીએ, તેનું સન્માન કરીએ, ભાવિ હંમેશાં ઉજ્વળ જ હોય છે.

**- વિનાયક મ. મહેતા**

**'પગથાર'**ના ફેબ્રુઆરી ૨૦૦૦ માસના અંકમાં તે સમયના તંત્રી શ્રી વિનાયક મ. મહેતાનો આ લેખ તંત્રીલેખના સ્વરૂપમાં પ્રગટ થયો હતો 'પગથાર'ના આ મે ૨૦૧૭ના અંકમાં આ લેખ ફરી પ્રગટ કર્યો છે જે સમયોચિત છે. સમયોચિત કશો ફેરફાર કર્યો નથી.

## શ્રી સર્જન યુવક સંઘ

### પુરક પારિતોષિકો સન ૨૦૧૬






## અભિનંદન

### કુ.વૈભવી નૈનેશભાઈ પંડયા



❑ સુશ્રી મહેશ્વરીબેન તથા નૈનેશભાઈ જયદેવભાઈ પંડયા (કડોલી)ની સુપુત્રી **કુ.વૈભવી**એ હેમચંદ્રાચાર્ય નોર્થ ગુજરાત યુનીવર્સીટીની B.C.A. (Bachelor of Computer Application) ની પરીક્ષા તાજેતરમાં SGPA ૯, CGPA ૮.૮૯, Grade A, First Class with Distinction, Overall ૮૬.૧૬% ગુણાંકથી તાજેતરમાં સફળતા પ્રાપ્ત કરી છે વૈભવીને INSB BCA & PGDCA કોલેજમાં 2nd Rank પ્રાપ્ત થયો છે. મહાદેવ અને દાદા-દાદી અને મમ્મી-પપ્પાના આશીષથીજ આ સફળતા પ્રાપ્ત થઈ છે એમ વૈભવી કહે છે. વૈભવી હવે MCA કરવા ઈચ્છે છે.

### કુ.તૃપ્તી જનકભાઈ રાવલ



❑ સુશ્રી જાગૃતિબેન તથા શ્રી જનકભાઈ બાલકૃષ્ણ રાવલ (પ્રેમપુર)ની સુપુત્રી **કુ.તૃપ્તી**એ તાજેતરમાં હેમચંદ્રાચાર્ય નોર્થ ગુજરાત યુનીવર્સીટીની B.Com. પરીક્ષા Overall ૬૯.૭૫% (SGPA-7.38 CGPA-7.23, Grade-B, First Class Distinction) ગુણાંકથી સફળતા પ્રાપ્ત કરી છે તૃપ્તીને કોલેજમાં પ્રતિવર્ષ પ્રથમ નંબર આવતા ઘણા વિવિધ ઈનામો મળ્યા છે. મમ્મી-પપ્પા અને દાદાના આશીષથીજ આ સફળતા મળી છે એમ તૃપ્તી કહે છે. તૃપ્તી ઉચ્ચ અભ્યાસમાં M.Com કરવા ઈચ્છે છે.

❑ **શ્રી ધર્મેશ પ્રદિપભાઈ ભટ્ટ** (આગલોડ) તાજેતરમાં B.Aની પરીક્ષા તાજેતરમાં સફળતા પ્રાપ્ત કરી છે.

❑ **શ્રી અન્વેશ સતીષભાઈ જોષી** (આગલોડ) ભાજપના ભારતીય જનતા યુવા મોર્ચાના કલ્યાણ વિભાગના અધ્યક્ષ પદે તાજેતરમાં નિયુક્ત થયા છે.

## સ્મરણાંજલિ



### સ્વ. સંજય રાજેન્દ્રકુમાર જોષી
(મોયદ)

જીવનયાત્રા

જન્મ : તા.૮-૯-૧૯૮૪ ● દેહોત્સર્ગ : તા.૨૯-૪-૨૦૧૭, વૈશાખ સુદ-૩

**नैनं छिदन्ति शस्त्राणि नैनं दहति पावकः।**
**न चैनं कलेदयन्त्यापो न शोषयति मारुतः ।।**

**આત્મા શસ્ત્રોથી છેદાતો નથી, અગ્નિથી બળતો નથી,**
**પાણીથી ઓગળતો નથી અને વાયુથી ઉડી જતો નથી.**

તમો હયાત નથી પણ સાથે જ છો, એવું સદા લાગ્યા કરે છે
હર પળે તમારી ઉપસ્થિતિનો આભાસ લાગ્યા કરે છે. યાદોમાં
તમારા પ્રત્યક્ષ દર્શન થયા કરે છે, તમારા પરિશ્રમથી પ્રગતિ અને
જીવનભર શ્રમયજ્ઞની રીધ્ધી-સીધ્ધી માટે અમો સદા ઋણી છીએ
ઘરના દરેક ખુણામાં તમારી સુવાસ છે, અમારા દીલની ધડકનમાં
તમારો વાસ છે આમ એકાએક અકાળી વિદાયથી જ અમારા
આંસુઓથી સાગર ભર્યો છે.

સ્વર્ગસ્થની સ્મશાનયાત્રામાં તેમજ પ્રાર્થનાસભામાં સંકળાયેલા સર્વ આત્મિયજનોએ અને મિત્રોએ રૂબરૂમાં તેમજ ટેલીફોન કે પત્રથી અમારા કુટુંબ પરિવારના દુ:ખમાં સહભાગી થનાર અને સાંત્વના આપનાર સર્વનો મોયદ, સાંપડ તથા આગલોડના પરિવારનો અંતઃકરણપૂર્વક આભાર અને જયશ્રીકૃષ્ણ

**સુશ્રી પુજાબેન સંજયકુમાર જોષી (પત્ની)**

| | |
|---|---|
| **રાજેન્દ્રકુમાર વાસુદેવ જોષી (પિતા)** | **રેખાબેન રાજેન્દ્રકુમાર જોષી (માતા)** |
| **દીલીપકુમાર વાસુદેવ જોષી (મોટાબાપા)** | **સરોજબેન દિલીપકુમાર જોષી (મોટી બા)** |
| **અશોકકુમાર વાસુદેવ જોષી (મોટાબાપા)** | **ચેતનાબેન અશોકકુમાર જોષી (મોટી બા)** |
| **રમેશકુમાર વાસુદેવ જોષી (કાકા)** | **અંજનાબેન રમેશકુમાર જોષી (કાકી)** |
| **મહેશકુમાર વાસુદેવ જોષી (કાકા)** | **સ્વ.નયનાબેન મહેશકુમાર જોષી (કાકી)** |

**સ્વ.મનીષ દિ.જોષી ● ચિરાગ અ.જોષી ● જીગર ર. જોષી ● નીરવ મ.જોષી ● રિષભ મ.જોષી ● ક્રીશીવ ચિ.જોષી ● સ્વયમ જી.જોષી**

**તથા સમસ્ત જોષી પરિવાર (મોયદ)**

**: સાસરીયા પક્ષ :**

| | |
|---|---|
| **વિક્રમકુમાર પ્રહેલાદજી વ્યાસ (સસરા)** | **અન્નપૂર્ણાબેન વિક્રમકુમાર વ્યાસ (સાસુ)** |
| **અનીરૂધ્ધકુમાર પ્રહેલાદજી વ્યાસ (વડ સસરા)** | **જ્યોત્સનાબેન અનીરૂધ્ધકુમાર વ્યાસ (વડસાસુ)** |
| **કિર્તીકુમાર પ્રહેલાદજી વ્યાસ (વડ સસરા)** | **પુષ્પાબેન કિર્તીકુમાર વ્યાસ (વડસાસુ)** |
| **હરિહરકુમાર પ્રહેલાદજી વ્યાસ (વડ સસરા)** | **પ્રિતિબેન હરિહરકુમાર વ્યાસ (વડસાસુ)** |
| **સુરેશકુમાર પ્રહેલાદજી વ્યાસ (વડ સસરા)** | **તરૂણાબેન સુરેશકુમાર વ્યાસ (વડસાસુ)** |
| **અમીતકુમાર ભરતભાઈ ભટ્ટ (જેપુર, સાઢુ)** | **તુલસીબેન અમીતકુમાર ભટ્ટ (સાળી)** |

**મુંજાલકુમાર વિક્રમભાઈ વ્યાસ (સાળા)**

**તથા સમસ્ત વ્યાસ પરિવાર (સાંપડ)**

**: મોસાળ પક્ષ :**

| | |
|---|---|
| **રાકેશકુમાર રતીલાલ ભટ્ટ (મામા)** | **જાગૃતીબેન રાકેશકુમાર ભટ્ટ (મામી)** |
| **અલ્કેશકુમાર રતીલાલ ભટ્ટ (મામા)** | **અર્મીબેન અલ્કેશકુમાર ભટ્ટ (મામી)** |
| **મહેશકુમાર ચુનીલાલ જોષી (માસા)** | **પદ્મબેન મહેશકુમાર જોષી (માસી** |
| **વામનકુમાર જગન્નાથ દવે (માસા)** | **સુધાબેન વામનકુમાર દવે (માસા)** |

**તથા સમસ્ત ભટ્ટ પરિવાર (આગલોડ)**

# દાવડમાં પ્રવેશદ્વારનું લોકાર્પણ











સ્વ.ફેનિલ નરેન્દ્ર બારોટ

તા.૨૮-૪-૧૭ને શુક્રવારે અક્ષયતૃતીયાના શુભદિને દાવડ તા.ઈડર ગામે હૃદયસ્પર્શી પણ ગામના ઘરેણા સમો પ્રવેશદ્વારના લોકાર્પણનો સમારંભ યોજાઈ ગયો. દાવડ ગામના વતની સ્વ.શંકરલાલ કાનજીભાઈ બારોટ પરિવારના શ્રી નરેન્દ્રભાઈ બારોટના સ્વર્ગીય પુત્ર ફેનીલની ચિરસ્મૃતિ જળવાઈ રહે અને ગામને વિશાળ પ્રવેશદ્વારથી ગામની ગરિમા વધે તે હેતુથી "સ્વ.ફેનિલ નરેન્દ્ર બારોટ પ્રવેશદ્વાર"નો લોકાર્પણ સમારંભ ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ અને ધારાસભ્ય શ્રી રમણલાલ વોરાના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. આ પ્રસંગે સાબરકાંઠાના સાંસદ શ્રી દિપસિંહ રાઠોડની ઉપસ્થિતી વિશેષ રહી હતી ઉપરાંત આ સમારંભમાં બ્રહ્મભટ્ટ સમાજના અગ્રણી આગેવાનો અને શ્રી વિજયભાઈ પંડયા (ઉપપ્રમુખ, ભારતીય જનતા પક્ષ સાબરકાંઠા), શ્રી વિનાયકભાઈ મહેતા (પૂર્વપ્રમુખ, ભારતીય જનતા પક્ષ, હિંમતનગર તાલુકા) પણ અતિથી વિશેષ પદે ઉપસ્થિત રહ્યા હતા.

દાવડ ગ્રામ પંચાયત, ગામની સંસ્થાઓ અને દાવડ ગામ લોકાર્પણ સમિતિના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ સમારંભમાં દાવડ ગામના તમામ ગ્રામજનો અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અને પ્રસંગની શોભા વધાવી હતી. લોકાર્પણ સમિતિના સંયોજક શ્રી મહેશભાઈ છો.મોદીએ સર્વેનો હૃદયપૂર્વક આવકાર્યા હતા અને શ્રી નરેન્દ્રભાઈ બ્રહ્મભટ્ટ પરિવારના આ ગ્રામસેવાના સ્તુત્ય કદમને બીરદાવ્યુ હતું. ઉપસ્થિત સર્વ મહેમાનોનું શાલ અને સ્મૃતિભેટ આપી સન્માન કરવામાં આવ્યુ હતુ. દાવડ હાઈસ્કુલના પૂર્વ આચાર્ય શ્રી જશવંતભાઈ મ.જોષી, સ્વામીનારાયણ સંપ્રદાયના સંતો અને સપ્તેશ્વર ધામના સંત શ્રી મણીરામ મહારાજનું પણ સન્માન કરાયું હતું.

ઉપસ્થિત મહેમાનોએ પ્રાસંગિક પ્રવચનો કરી સ્વ.ફેનિલભાઈનું નામ ચીરકાળ સુધી અવિસ્મરણીય રાખવા બદલ નરેન્દ્રભાઈ બ્રહ્મભટ્ટ પરિવારને ધન્યવાદ આપ્યા હતા. અંતમાં શ્રી નરેન્દ્રભાઈ બ્રહ્મભટ્ટે સમારંભને સફળ બનાવવા માટે સર્વનો આભાર માન્યો હતો અને ગામ પ્રત્યેની પોતાની લાગણી સદાકાળ રહેશે તેવી આ જનમેદનીને ખાત્રી આપી હતી.

## શું કરવું ?

ઘર સળગે તો વીમો લેવાય, સપના સળગે તો શું કરવું ?
આભ વરસે તો છત્રી લેવાય, આંખો વરસે તો શું કરવું ?
સિંહ ગરજે તો ભાગી જવાય, અહંકાર ગરજે તો શું કરવું ?
કાંટો ખટકે તો કાઢી લેવાય, કોઈ વાત ખટકે તો શું કરવું ?
પીડા છલકે તો ગોળી લેવાય, વેદના છલકે તો શું કરવું ?

અમુક પારકાં એવા મળ્યા જે પોતાના થઈ ગયા
અમુક પોતાના પારકાંનો અર્થ પણ સમજાવી ગયા.

સંબંધ હોય કે સમસ્યા બસ મન મોટું રાખજો
બાકી દુનિયા તો બહુ 'નાની' છે.

હું નમું છું બધાની સામે કેમકે મારે વટ નહીં સંબંધ રાખવો છે.

જેની પ્રીત મળી છે એને પામી લેજો,
જીંદગીમાં થોડું જતું કરીને હસતાં, હારતાં શીખી લેજો.

મળશે દુનિયામાં કેટલાય અપરિચિત લોકો.
જે તમારા બની જાય એમને સાચવી લેજો.
થોડાંક પ્રેમનોય સ્પર્શ આપી જોજો, માણસમાં પણ ટચ સ્ક્રીન છે.

કવિની કલ્પનાઓના મિનારા થઈ નથી શકતાં
એક નદીનાં ત્રણ કિનારા થઈ નથી શકતાં
તૂટેલા કાચના કટકા સિતારા થઈ નથી શકતાં
પરાયા તે પરાયા પોતાના થઈ નથી શકતાં.

**- પ્રિતી હરિહર વ્યાસ**


અનીરૂધ્ધ વા. જપી

**રસોઈ કામ માટે**

**જય અંબે કેટરર્સ**

M. (O) 9427803175
(O) 9725538987

લેબરથી તથા ડીસ કોન્ટ્રાક્ટથી રસોઈ બનાવનાર તથા રસોઈના વાસણો ભાડે આપનાર

**ઓફીસ : મેઈન બઝાર, જેતલપુર, તા.દ્રસકોઈ, જિ.અમદાવાદ 382426 ફોન : (079) 2909 4083 (C.T.M.)**

**ઘર : C-૩૦૧, શ્રીનંદ રેસીડેન્સી, રાધે બંગલોજ અને સદ્‌ગુરૂ બંગલોજની પાસે, ન્યુ મણીનગર, વડોદરા એક્ષપ્રેસ હાઈવે પાસે, (C.T.M.) અમદાવાદ 380026**

## સવિનય જણાવવાનું કે...

(૧) અમદાવાદ સીવીલ હોસ્પીટલ જવા વાળા માટે ખાસ ખબર : કોઈપણ કારણસર કોઈપણ વ્યક્તિને અમદાવાદ સીવીલ હોસ્પીટલમાં અથવા આજુબાજુની કોઈપણ હોસ્પીટલમાં જવુ પડે તેમ હોય અને હોસ્પીટલના કામથી ત્યાં રોકાવુ પડે તેમ હોય તો આપને બિલકુલ નજીવા દર (ભાવ)થી એક સંસ્થા રહેવા તેમજ જમવાની સેવા આપી રહી છે તો આ સેવાનો લાભ દરેક જરૂરીયાતમંદ અવશ્ય લઈ શકશે.

માત્ર વીસ રૂપીયામાં પ્રતિ એક વ્યક્તિને જમવાનુ મળશે અને વીસ રૂપિયામાં પ્રતિ બે વ્યક્તિને રહેવા માટે એક રૂમ મળશે અને કોઈ વ્યક્તિ હોસ્પીટલમાં દાખલ (એડમીટ) થયું હોય તો પણ માત્ર રૂપિયા વીસમાં ટીફીન સેવા પણ મળશે. આ તમામ સેવા અન્નપૂર્ણા ભવન, દિગ્વિજય લાયંસ ફાઉન્ડેશન, સિવિલ હોસ્પીટલ ગેટ નં.-૩ની સામે, અસારવા, અમદાવાદ પરથી મળશે. સંપર્ક : વિકીભાઈ ત્રિવેદી - બોર્ડ મેમ્બર અન્નપૂર્ણા ભવન મો.: 9173718171

(૨) હિંમતનગરમાં પ્રથમ વાર જનરીક મેડીસીન્સનો રીટેલ સ્ટોર કે જેમાં 30% થી 80% જેટલુ ડિસ્કાઉન્ટ અપાય છે. જ્યાં આપને દરેક પ્રકારની દવાઓ રાહત દરે મળશે. દાખલા તરીકે રૂા.૬૦૦૦/-નું ઈંજકેશન રૂા.૧૬૮૦/-માં, કેલ્શિયમની રૂા.૭૦/-નું પત્તુ રૂા.૧૧/-માં અને આટલું જ નહીં ડાયાબિટીસ, બી.પી., મલ્ટીવિટામિન, એન્ટિબાયોટિક, ખેંચ, માનસિક રોગો, કેન્સર જેવા જટિલ રોગોની દરેક દવાઓ ઉપર 30% થી 80% સુધીનું ડિસ્કાઉન્ટ પણ મળશે. આ જેનેરીક સ્ટોરની જાહેરાત આમિર ખાનના શો (સત્યમેવ જયતે)અને આપણાં માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પણ જેનેરીક દવાઓને પ્રોત્સાહન આપવા (પ્રધાનમંત્રી દીન-દયાળ જન ઔષધિ) યોજના શરૂ કરેલ છે. કારણ કે આપણા ભારતના નાગરિકોને દવાઓના વધતાં જતાં ખર્ચેથી રાહત મળે. અમારા નાનકડા પ્રયાસથી રાહત દર થી મળતી દવાઓનો જેનેરીક સ્ટોરનો પ્રારંભ કરેલ છે. સ્ટોરનું સરનામું : અવતાર જનરીક મેડીસીન્સ, દુકાન નં.૭, સુવિરા શોપીંગ સેન્ટર, દેના બેંકની નીચે, ગાંધી રોડ, હિંમતનગર, ગુજરાત-383001. મો.: 9825523856

(૩) ૨૧ મી સદીનો ચમત્કાર એટલે શ્રી સત્ય સાઈ હાર્ટ હોસ્પિટલ રાજકોટ અને કાશીન્દ્રા!! : શ્રી સત્યસાઈ હાર્ટ હોસ્પીટલ, રાજકોટ દિલ વિધાઉટ બિલના નામે પ્રખ્યાત છે કારણ કે આ હોસ્પિટલમાં કેશ કાઉન્ટર જ નથી!!! આપણે સૌ જાણીએ છે કે હાર્ટ સર્જરી માટે રૂા.૩ થી ૪ લાખનો ખર્ચ થાય છે. છેલ્લા ૧૭ વર્ષથી શ્રી સત્ય સાઈ હાર્ટ હોસ્પિટલ, રાજકોટ સર્વશ્રેષ્ઠ હૃદય રોગની સારવાર વિનામૂલ્યે આપી રહી છે. ૮૦ બેડની ક્ષમતા ધરાવતી આ હોસ્પિટલમાં અત્યાર સુધી ૧૦ લાખ લોકોનું નિ:શુલ્ક ચેકઅપ અને ૧૦,૦૦૦ દર્દીઓના મોંઘા ભાવના હાર્ટ ઓપરેશન વિનામૂલ્યે થઈ ચૂક્યા છે.

આવી જ નિસ્વાર્થ સેવા ભાવના સંકલ્પ સાથે હવે અમદાવાદ કાશીન્દ્રામાં શ્રી સત્ય સાઈ હાર્ટ હોસ્પિટલ ટૂંક સમયમાં શરૂ થવા જઈ રહી છે. નવી હોસ્પિટલમાં ૩ થી ૧૮ વર્ષના હૃદયની તકલીફ ધરાવતા બાળકોને વિનામૂલ્યે ઓપરેશન માટે અગ્રિમતા આપવામાં આવશે. હોસ્પિટલમાં અત્યાધુનિક સારવાર ઉપક્રમોથી સજ્જ રહેશે. અહીં ૩૧૦ બેડની વ્યવસ્થા સાથે આશરે ૩૦૦૦ જેટલા ઓપરેશન દર વર્ષે વિનામૂલ્યે કરવામાં આવશે. હૃદયરોગના જરૂરિયાતમંદ દર્દીને આ હોસ્પિટલ અંગેનું માર્ગદર્શન આપીને પણ તેમ આ સેવાયજ્ઞમાં સહભાગી થઈ શકો છો. સરનામું : (૧) શ્રી સત્ય સાઈ હાર્ટ હોસ્પિટલ, શ્રી સત્ય સાઈ માર્ગ, કાલાવાડ રોડ, રાજકોટ-૩૬૦૦૦૫. (૨) શ્રી સત્ય સાઈ હાર્ટ હોસ્પિટલ, કાશીન્દ્રા ગામ, તા.દસ્કોઈ, ધોળકા રોડ, જીલ્લો અમદાવાદ - ૩૮૨૨૧૦. ફોન : ૯૪૨૬૦૫૮૮૯૭ Email : saihospital@gmail.com

## "ધખતા ઉનાળે પરબના સુખ"

ધોમધખતાં ઉનાળાની બપોરે શીતળ જલની વ્યવસ્થા દેરોલને પાદરે અને બાળકોનાં રમત ગમતમાં મેદાનમાં બારમાસી પાણીની પરબની યોજના શ્રી સર્જન યુવક સંઘ તરફથી અમલમાં મૂકવામાં આવી છે - પરબ ઉદ્ઘાટન આપણા શ્રી સ.સા.ઔ.બ્ર.સમાજના ટ્રસ્ટી શ્રી ભરતભાઈ અમૃતલાલ વ્યાસ ત્થા શ્રી ડો.જય જોષી - શ્રી અમર વ્યાસ - શ્રી કૌશલ જોષીએ દિપ પ્રગટાવી કર્યું હતું - પૂજનવિધિ શ્રી વિનોદભાઈ હિં. જાનીએ કરાવી હતી. ગામ પાદરે પાણી અહરનીશ મળે એ માટે શ્રી સુરેશભાઈ ગી.પટેલે જવાબદારી સ્વીકારી છે જ્યારે ગામ વચ્ચે બાળકોની પરબ માટે શ્રી વિનોદભાઈ જાની ત્થા શ્રી ડૉ.જય જોષીએ જવાબદારી સ્વીકારી છે.








# “શુભ લાભ” નું વિમોચન અને કવિસંમેલન









શ્રી સર્જન યુવક સંઘ તરફથી સંસ્થાના સ્થાપકો પૈકીમાંના અને કાર્યવાહક શ્રી અનંતભાઈ કા. જાની લીખીત ‘શુભલાભ’ પુસ્તકનું વિમોચન તા.૨૨-૫-૨૦૧૭ના રોજ ગંગાબેન જપી સભાગૃહ, બોરીવલી વેસ્ટ મુંબઈમાં યોજાયેલ સમારોહમાં કરાયું હતું. આ પુસ્તકનું વિમોચન ડૉ.શ્રી જ્યોતિન્દ્રભાઈ દેવશંકર આચાર્ય દ્વારા સમારોહમાં કરાયુ હતું. આ પુસ્તકના વિમોચન પહેલાં સમારોહમાં આપણા કવિઓનું કવિસંમેલન પણ યોજાયું હતુ જેમાં કવિઓ શ્રી તારકભાઈ ર. ઉપાધ્યાય, શ્રી જયકાન્ત મ. જોષી, શ્રી વિજયભાઈ અ. વ્યાસ, સુશ્રી દર્શના અભી દવે તથા શ્રી પ્રકાશભાઈ ર. ઉપાધ્યાય ઉપસ્થિત રહ્યા હતા. આ કવિ સંમેલનનું સંચાલન શ્રી સુરેનભાઈ ઠાકર, ‘મેહુલ’ દ્વારા કરાયું હતું. આ કાર્યક્રમની શરૂઆતમાં ડૉ.શ્રી જ્યોતિન્દ્રભાઈ દે. આચાર્ય, શ્રી સુરેનભાઈ ઠાકર દ્વારા ‘મેહુલ’ તથા સુશ્રી હેમાબેન દ. ઠાકર દ્વારા દીપપ્રાગટ્ય કરાયું હતું અને તે પછી શ્રી અનંતભાઈ કા. જાનીએ પ્રાર્થના કરી હતી. આ દીપપ્રાગટ્ય અને પ્રાર્થના પછી શ્રી સર્જન યુવક સંઘના પ્રમુખ શ્રી અશોકભાઈ ર. જોષીએ ઉપસ્થિત સર્વ આમંત્રીતોનું સ્વાગત કર્યું હતું. આ કવિસંમેલનમાં કવિઓએ સ્વરચનાથી કવિતાઓ રજૂ કરી હતી અને રસાસ્વાદ કરાવ્યો હતો. આ કવિસંમેલનના સફળ સંચાલન માટે શ્રી તારકભાઈ ર. ઉપાધ્યાય, શ્રી સુરેનભાઈ

સર્જન યુવક સંઘ આયોજિત શ્રી અનંતભાઈ કાન્તીલાલ જાનીના પ્રથમ પુસ્તક ‘શુભ-લાભ’ ના વિમોચન માટે યોજાયેલ સમારંભમાં શિક્ષણ, કલા અને કવિતામાં પચાસ વર્ષથી યોગદાન આપનાર, સમાજને ગૌરવ પ્રદાન કરનાર પ્રમુખશ્રી સુરેન્દ્રભાઈ, મહિલા ઉત્કર્ષ મંડળની પ્રવૃત્તીઓથી સમાજની મહિલાઓને જાગૃત રાખનાર શ્રીમતી હેમાબેન આમંત્રિત કવિગણ, સન્માનીય સ્વજનો અને મિત્રો.....

સમાજને થોડા સમય પહેલા ભાઈ ચંદ્રકાંતજાનીનું પુસ્તક ‘મહામૃત્યુંજય’ પ્રાપ્ત થયું છે જેમાં ભારોભાર તર્ક અને ચિંતનનો અનુભવ આપણે કર્યો છે આ પ્રસંગે એમને પણ મારા હાર્દિક અભિનંદન.

આજે પ્રકાશિત થતા પુસ્તકમાં વેદ-વેદાંત, ઉપનિશદ, ગીતાની તાત્વીક ચર્ચાને બદલે પુરાણોની ઝીણામાં ઝીણી વાતો અને આપણા સંસ્કારો ખોબલે અને ખોબલે ભરેલા છે. એટલે આ પુસ્તક ખૂબજ લોકભોગ્ય અને બધાંને પ્રિય બનવાનું છે. એમાં બાળકોથી માંડી વડિલો માટેની રસપ્રદ વાતો ખૂબજ સરળ ભાષામાં, બધાયને સમજાય તે રીતે પીરસવામાં આવી છે. એમાંનો બોધ ક્યાક પ્રત્યક્ષ તો ક્યાંક અધ્યાહાર રાખવામાં આવેલ છે.

પુસ્તકમાં ‘બ્રાહ્મણ’ કેન્દ્ર સ્થાને છે એટલે આ પુસ્તકના કેટલાક અંશો સમાજના પાઠયપુસ્તકમાં સમાવી શકાય તેમ બની શકે.

કોઈપણ વ્યક્તિ માટે પ્રથમ લખાયેલો લેખ, પ્રથમ રચાયેલુ કાવ્ય, પ્રથમ પ્રગટ થતું પુસ્તક, એ પ્રથમ સંતાન જેટલું વહાલુ હોય છે. ભાઈ અનંતનું આ પુસ્તક ‘શુભ લાભ’ પ્રેરણા સાથે લાભ કેમ મેળવવો એ સમજાવવાનું કાર્ય કરશે.

ભાઈ અનંતની આપણી આવકમાંથી ભગવાનનો ભાગ રાખવાની વાત આપણા બધાને માટે પ્રેરણારૂપ છે. તેણે અદા કરેલ સામાજીક જવાબદારી અભિનંદનીય છે.

આ પુસ્તક સર્જન યુવક સંઘ પ્રકાશિત કરે છે એટલે સર્જનની આપણી સંસ્કારો ઘેર ઘેર પહોંચાડવાની જવાબદારી પણ ઉમેરાય છે.

મારા ભાઈ અનંત અને ‘સર્જન’ ને ખૂબખૂબ અભિનંદન અને આ પુસ્તક પ્રગટ કરવાનો હેતુ સિધ્ધ થાય તે માટે ઈશ્વરને પ્રાર્થના.

“નહિ કલ્યાણકૃત કશ્ચિત દર્ગતિં તાત ગચ્છતી”

**- ડૉ.જ્યોતિન્દ્ર દે. આચાર્ય**

ઠાકર,'મેહુલ'નો આભાર વ્યક્ત કર્યો હતો. આ કવિસંમેલન પછી વિમોચન સમારોહ યોજાયો હતો અને તે દરમિયાન સહુ ઉપસ્થિત મહેમાનોનું શાલથી સ્વાગત કરાયુ હતું. શ્રી સર્જન યુવક સંઘના ટ્રસ્ટી અને શ્રી સ.સા.ન.મંડળનાં ટ્રસ્ટી, લોકસાહિત્યકાર, કવિ, લેખક અને સફળ સંચાલક શ્રી સુરેન્દ્રભાઈ ઠાકર, 'મેહુલ', મહિલા ઉત્કર્ષના મંડળના પ્રમુખ સુશ્રી હેમાબેન દ. ઠાકર, શ્રી સ.સા.ઔ.બ્ર.સમાજ ટ્રસ્ટના પ્રમુખ શ્રી વિનાયકભાઈ રા. પંડયા અને ડૉ.શ્રી જ્યોતિન્દ્રભાઈ દે. આચાર્ય પ્રાસંગીક પ્રવચનો કર્યા હતા અને શ્રી અનંતભાઈ કા. જાનીને બીરદાવ્યા હતા. આ પ્રસંગે શ્રી વિનોદભાઈ કૃ. ભટ્ટ તથા શ્રી સ.સા.ઔ.બ્ર.સમાજ ટ્રસ્ટના ટ્રસ્ટી તથા શ્રી સર્જન યુવક સંઘના ઉપપ્રમુખ શ્રી હરિહરભાઈ પ્ર. વ્યાસ, શ્રી સર્જન યુવક સંઘના ટ્રસ્ટી શ્રી રમેશભાઈ ગી. જપી, શ્રી વિનાયકભાઈ મ. મહેતા, શ્રી રાજેન્દ્રભાઈ વિ. ભટ્ટ, શ્રી દીલીપભાઈ વા. જોષી, શ્રી અશોકભાઈ ન. જોષી હરીઓમ તથા શ્રી જસવંતભાઈ અં. જોષી તરફથી કાર્યક્રમની સફળતા માટે શુભેચ્છા સંદેશાઓ સંસ્થાને પ્રાપ્ત થયા હતા. સમારોહના અંતે શ્રી સર્જન યુવક સંઘના કાર્યવાહક શ્રી વિજયભાઈ અ. વ્યાસ તરફથી શ્રી અનંતભાઈ કા. જાનીના વિશિષ્ટ સહયોગ માટે, સમાજ ટ્રસ્ટનો તથા અન્ય સહુનો આભાર વ્યક્ત કર્યો હતો.

**શ્રી સર્જન યુવક સંઘ તરફથી "શુભ લાભ" પુસ્તકના વિમોચન પ્રસંગે આપણા કવિઓનું કવિસંમેલન તા.૨૨-૫-૨૦૧૭ના રોજ યોજાયેલું હતું. આ કવિસંમેલનમાં કવિઓએ રજૂ કરેલ કવિતાઓ અહીં રજૂ કરાયેલ છે.**

### ૧. - એકલતા

કોઈ એકલતા મને સ્પર્શે નહિ
કોઈ રણવગડા મને ભરખે નહિ.

કેસૂડાના શ્વાસ ભિંસે છે મને
કોઈ મારા દર્દને સમજે નહિ.

રાત પણ સૂતી રહી ઘનઘોર થૈ
તારલીઓ આગ સળગાવે નહીં.

કાન દીધા ધ્યાન દઈ તમારાં તરફ
કોઈ કર્કશ ગીત સંભળાવે નહિ.

આ અગોચર શૂન્યતા મારીજ છે
તે છતાંયે સાથે કાં આપે નહીં.

એટલે ભટક્યા કરું છું ચોતરફ
મારૂં ઘર મુજનેજ બોલાવે નહિ.

સાવ સૂક્કા રણ સમું જીવન બન્યું
લાગણીઓનાં હરણ આવે નહિ.

તારું ઓસડ તું જ છે 'મેહુલ' હવે
મોત માગે મોત પણ આવે નહિ.

**- સુરેન ઠાકર**

### ૨

સમુદ્ર ઉપર સેતુ બંધ થઈ રામને
સીતાનો મેળાપ કરાવે છે પથ્થર

શીલાલેખો ઉપર અહિંસા, શાંતી, કર્મ
ને ધર્મનો બોધ કરાવે છે પથ્થર

પ્રેમની અમર કૃતી તાજમહાલના
પાયામાં છે સંગેમરમરનો પથ્થર

માનવજીવનના વીરામ સ્થાન સમા
રહેવાનો નીવાસનો પાયો છે પથ્થર

તોફાની ઝરણાઓને માનવવસ્તીમાં
જઈ વિનાશ થતો અટકાવે છે પથ્થર

મક્કા મદીનામાં ખુદાની ઈબાદત અને
બંદગી કરવાનું સ્થાન છે કાળો પથ્થર

મંદીરોમાં લોકોની ભક્તી અને શ્રધ્ધાનું
પ્રતીક સ્થવાયેલી મૂર્તીઓમાં છે પથ્થર

આમ છતાં માનવી પથ્થર હૃદયનો છે
એમ કહી લોકો બદનામ કરે છે પથ્થરને.

**- જયકાન્ત જોષી**

### ૩. - એક ક્ષણમાં

અજબ વેચાણ છે એ મુખ કમળમાં
નજર અંજાઈ જાશે એક પળમાં

જે બાજી પ્રેમની હારી ગયા છે
કરો તેઓની ભરતી સૈન્ય દળમાં

સડો તેવોજ પેઠો છે અહીંતો
નથી દેખાતાં જેમ તું એ જળમાં

એ સંભળ છે કે ઘેરી ચોટ વાગે
દડાને જેમ ઓ હૈયા ઉછળમા

ભલે એ લાગવગની ઓથ શોધે
નથી જેઓને શ્રધ્ધા આત્મબળમાં

હવે તો ફેશન જોવા મલે છે
મને તો હે ખુદા

ધીરજના ફૂલમાં
ઉગવવાની વ્યવસ્થા પહેલા કરજો

ફસાવી નાવને જ્યારે વમળમાં
આ ફેશનમાંય છે ખેંચાણ તેવું
કે જેવું હોય રણના મૃગજળમાં
આ મહેફિલમાં તારો હક છે 'જોષી'
ડરી જઈને અહીંથી તું નિકળમાં!

**- જયકાંત જોષી**

## ૪. - હાથની રેખા

હાથની રેખાથી હું કદી નથી ઉલઝાયો
જાણું છું કે નસીબનું લખ્યું પણ બદલાય છે.
કિનારે બેસી નાવની રાહ જોતા નથી આવડતું
હિંમત કદી નથી હાર્યો કારણ કે તરતા આવડે છે.

ફૂલની સુગંધથી હું કદી ટેવાયેલો નથી
કારણ ફૂલો પણ એકદી કરમાય છે.
હૃદય કોઈને એમ આપી નથી દેતો
કેમ કે કિંમત શું છે એ મને સમજાય છે.

મરવાના વાકે હું કદી નથી જીવતો
કારણ જીવતા મને આવડે છે.

**-જયકાન્ત જોષી**

## ૫

વાડ વિનાના ચડતો વેલો
હોય કૂવામાં પાણી ત્યારે જાય હવાડે રેલો....

પર્વતના શિખરનો પત્થર શોભે છે ધરતીથી
મધદરિયાનું મોજું પામે, કિનારો ભરતીથી
સાહસને સહકાર મળે તો, સફળ થાય હારેલો

ક્યાંથી તપતો હોત સૂરજ જો, દિશા ન હોત ઉગમણી
ક્યાંથી સિંચત શશીસુધા જો હોત ન રજની રમણી
મોતી પણ લાખોનું થયું...મરજીવો જ્યારે મથેલો...

પા પગલી શીખવે 'મા' ત્યારે બાળક ભરતો કૂદકો
નાનીશી ચીનગારી હોય તો થાતો મોટો ભડકો
સાચોં ગુરૂ મળે તો ભવજળ પાર ઉતરતો ચેલો
વાડ વિનાના...ચડતો વેલો

**- કવિ શ્રી રવિ ઉપાધ્યાય**
**સ્વરાંકન અને ગાયક : પ્રકાશ ઉપાધ્યાય**

## ૬. - ગીત

કહે એવું તે તારામાં શું છે,
જ્યાં હું જોઉં ત્યાં, દેખાય તું છે...!

તને નિરખી આ ચાંદો શરમાય
ધીમો સાગર પણ ઘૂઘવતો થાય
પેલા તારલાની એંખો મિચાય..... કહે...!!

તારા સ્મિતેથી ફૂલડાં વેરાય
તારા નૈનેથી અમૃત ઢોળાય
સારી સૃષ્ટિ સુવાસે ભરાય..... કહે...!!

વિશ્વવિણા બસૂરી મધુરી થૈ જાય
તારા ટહૂકે કુંજે - કોકીલા ગાય
વેરાન વનમાં, વસંત વિકાય.... કહે...!!

તારી દ્રષ્ટિથી - સૃષ્ટિ સરજાય
નવચેતનના રંગ હૈયે પૂરાય
બૂઝયા આશાના દિવડા ફરી પેટાય.. કહે...!!

**કવિ શ્રી રવિ ઉપાધ્યાય**
**સ્વરાંકન અને ગાયક : પ્રકાશ ઉપાધ્યાય**

## ૭. - "ખબર"

ક્યારેક શું થાય છે, એ, છે, કોને ખબર?
બસ એટલી છે સમજણ મુને, કે એ લે છે સૌની ખબર.

આ હાડમાંસના પિંજરને, અભિમાન સૌંદર્યનું શાને?
કે મૃત્યુ પછી એ રાખ થવાનું, એ તો છે સૌને ખબર

ઉલંગવાની નથી સીમા તોયે, ઘૂઘવતો સાગર શા માટે?
કે ખૂદ ફના થઈ જશે પ્રલયે, તેની તો છે એનેય ખબર

સાહસ જો ખેડીએ તો, નિષ્ફળતાનો ડર શા માટે?
કે મરજીવાને જ મોત કે મોતી મળે, એ છે સૌને ખબર

વિધાતાના પ્રયોજને, ગ્રહોની છે શું દશા નિરાળી?
ક્યારેક પામશું કમનશિબીને ક્યારેક બલિહારી
એ છે સૌને ખબર

ભરે સલામ રાહદારીઓ, જાતા જનાજાને શા માટે?
અરે મોતનો મલાજો જળવાયો બસ એટલુંજ, બાકી
હતા એ કેવા એ છે કોને ખબર

દિવાસળીએ છુપાયેલો છે અગ્ની, તો કરવા અડપલાશા માટે
જલાવશે એ દિપક કે દોણી, એ છે કોને ખબર

યાદ કરીએ અમે તમને 'તારક' એમાં ગુનો છુપાયો શાને?
રહીએ છીએ તમારા દિલમાં, એટલી તો છે મુજને ખબર
એટલી તો છે મુજને ખબર
એટલી તો છે મુજને ખબર

**-તારકભાઈ ર.ઉપાધ્યાય**

૮

તારાની છાવમાં ચાલવું તે મૈત્રી
ને વિરકની ચાંદનીમાં ઝુરવું તે પ્રેમ
મળવાની કબૂલાત તે મૈત્રી
ને અચાનક થતી મુલાકાત તે પ્રેમ
યાદ કરતા પડે અશ્રુ એ મૈત્રી
ને પાપણની પલકે પલકે યાદ તે પ્રેમ
મનને મલકાવતા સ્વપ્નો તે મૈત્રી
ને ઊંડા અગાધ દરિયો તે પ્રેમ
યાદોમાં ગણગણવું તે મૈત્રી
ને યાદોમાં ઘૂંટાવું તે પ્રેમ
રડતા રડતા હસાવે તે મૈત્રી
ને હસતા હસતા રડાવે તે પ્રેમ

**- દર્શના અભિ દવે**

**૯. - ગંગા તટે**

એક સમી સાંજે માં ગંગે તટે
ખળ ખળ ધસમતીનાં રૂપ જોયા
સહજ શબ્દો સર્યા ઔદાર્યમયી માં
શિશુ માનવ તારા સમજયા ક્યાં ?
તારો પાઠવ્યો શીશુ આશીષે ઉભરતો
દ્રશ્યો મધુરા મનમાં પ્રસન્નતા જગાવે
ઘંટારવ સમી શાજનો પ્રસર્યો ચોગમ
બધે દિવ્યતાના દર્શન માનવ મેળામાં
સમી સાંજનુ ચાંદરણુ હૈયે હૈયે સ્પંદયું
ગજબ તારી શક્તી દ્રશ્ય આંખે આવે
નમુ છું વંદુ છું માં પવિત્ર ચરણોમાં

**- વિનોદ કે. ભટ્ટ**

**૧૦**

ચાલો આપણા ભાવને સદ્‌ભાવ દઈયે
થોડું સંકોરી તરોતાજુ કરી લઈયે
અજવાળાને ક્યા શોધસું ? દીપક પ્રગટાવી દઈયે
આ લાગણીઓ ના ભાવને પ્રજ્વલ્લીત કરી દઈયે
આ આપણી સમઝણ જે તમારી ને આપણી
પરંપરાના માર્ગો સદીઓના ઉષ્માથી ભરી દઈયે
નિર્બળ નથી આપણે સત્તાવીસ ના સપુતો છીયે
અટવાયા વગર દોસ્તો આ વાત દિલમાં ભરી લઈએ.

**- વિનોદ કે. ભટ્ટ**

**૧૧**

મને એજ સમઝાતું નથી કે હું કોણ છું
રાહદારી નગરનો કે વિરાસતનો યાચક
આજની મહેફીલમાં આવવાનું એક છે કારણ
બાધા મળશે હૃદયે સદ્‌ભાવ લઈને આવ્યો છું.
વયથી ભલે ૮૦ વટાવી ગયો છું છતા
સદ્‌ભાવનાઓઅકબંધ લઈને આવ્યો છું
કોઈ વાડામાં બંધાઈ રહેવું ના ગમે
ખુલ્લા ગગનનો માસૂમ રાહદારી છું
વિનોદમાં વિનોદ હોય હોવા છતાં ભલેં
સદ્‌ભાવનાની ભાવનાને લઈને આવ્યો છું
ફકરી લઈ નથીં શકતો તેનું એક છે કારણ
અમીરીને હજુ હું નફરત કરી નથી શખતો.

**- વિનોદ કે. ભટ્ટ**

**માણસો**

મન મૂકી મ્હોરી ઉઠે તે માણસો
સ્વાંગ તરછોડી શકે તે માણસો
હોઠ સીવી જે કહેતે માણસો
આંખમાં દરિયા ભરે તે માણસો

મન મૂકી...

કોઈ મુગ્ધાની પીગળતી આંખથી
ટેરવામાં જઈ ઠરે તે માણસો
શક્યતાની વાડ ઠેકીને પછી
શ્વાસને પાછા ફરે તે માણસો....

એક વરસાદી પલળતી સાંજમાં
સાવ આડેધડ મળે તે માણસો
માણસોના નામ કંઈ જૂદા નથી
આપણાંમાં જે વસે તે માણસો...

**કવિ શ્રી ''મેહૂલ'' (શ્રી સુરેન ઠાકર)**
**સ્વરકાર ગાયક : પ્રકાશ ઉપાધ્યાય**

**કેમ છો ?**

લોક પૂછે કેમ છો વિનોદભાઈ
આમ તો છું જીવતો લ્યો, ભાઈભાઈ

જે મળ્યું તેને સદા વ્હેંચી લીધું
શ્વાસ પણ વ્હેંચી લીધા, સંતોષ, ભાઈ

ઋતુઓ બદલાય, છે એનો નિયમ
હું અવસ્થાઓ સહુ, છે મોઝ, ભાઈ

છે સ્મરણમાં જે ગુન્હા મેં આચર્યા
હે દયાળુ ઈશ, ના કર રોષ ભાઈ

પંખીનો માળો બીજું આ કંઈ નથી
જાય ઉડી લઈ ઘડીક લઈ પોર ભાઈ

માત્ર કર્મો સાથ આવે, ના બીજું
છોડ માયા, લે હવે તો બોધ ભાઈ

**-વિનોદ કૃપાશંકર ભટ્ટ**

**વિનંતી**

''**પગથાર**'' માં પ્રતિમાસ પ્રત્યેક લગ્ન, યજ્ઞોપવિત સંસ્કાર અને વિવિધ માંગલિક પ્રસંગોના સમાચાર પ્રગટ થાય છે. આ સમાચાર ક્યારેક વિવિધ સ્થળોએથી સાંપડે છે અને ક્યારેક મેળવવામાં આવે છે. આવા પ્રત્યેક મંગલ પ્રસંગોનું આમંત્રણ કાર્ડ અથવા કંકોત્રી ''**સર્જન-પગથાર**''ના કાર્યાલયમાં મોકલવા વિનંતી છે જેથી પ્રત્યેક સમાચારોનું સંકલન સરળતાથી થઈ શકે અને તે સમાચાર '**પગથાર**'માં પ્રગટ કરી શકાય. આવા સહયોગની અમને અપેક્ષા છે.

Posted at Malad N.D. Post Office, Mumbai - 400064.
Published On 2nd of every month
Positng on 3rd or 4th of every month
PAGHTAR (16)
June - 2017
R.N. 18727/69
Regd.No. MH/MR-NW-153/2017-19

## ગીત

સ્પર્શે એ એવી કે સાંસરવી ઉતરે
વાસંતી વાયરાની પ્રીત
થોડુંક લોચનિયે થઈ, થોડું થનકારમાં
છલકાતું મોસમનું ગીત.

ઉભી તે વાટ એને બોલવું ગમે ને અમે
સાંભળીએ મૌનમાં ઝબોળી
રોમરોમ એવું કોઈ હરખે કે લાગે આ
આવ્યું કોઈ રમવાને હોળી
તાળી પાડીને પછી આંખમાં જુએ,
કહો હરખાવું ? થાવું ભયભીત ?

લીલી ફલ્હાર હોય લાગણી ને એમાં પણ
વરસે જો ઉપરથી પાણી
વાણીમાં વ્હાલસોયો નમણો મલકાર કરે
ગલગલિયાં, હેતની ઉજાણી
અંદરને બ્હાર પછી એવું લાગે કે જાણે
આવી જ માગી'તી પ્રીત

**- કનુ રાવલ, 'આવેશ'**

### ભોજનદાન

❑ સુશ્રી રોહીણીબેન ભજગોવિંદ જપી (પ્રેમપુર) તરફથી રૂા.૧૦૦૦/- હીંમતનગરની સીવીલ હોસ્પિટલના દર્દીઓને ભોજન આપવા માટે શ્રી સર્જન યુવક સંઘને પ્રાપ્ત થયા છે અને તે દાતાની વિનંતી અનુસાર **સ્વ.ભજગોવિંદ ત્રીકમલાલ જપી**ના સ્મરણાર્થે ભોજન આપવામાં આવ્યું છે.

❑ શ્રી ધનંજય જગન્નાથ પાઠક (ખેડાવાડા) તરફથી રૂા.૨૦૦૦/- હીંમતનગરની સીવીલ હોસ્પિટલના દર્દીઓને ભોજન આપવા માટે શ્રી સર્જન યુવક સંઘને પ્રાપ્ત થયા છે અને તે દાતાની વિનંતી અનુસાર **સ્વ. સાવિત્રીબેન અંબાલાલ જપી** (સાચોદર)ના સ્મરણાર્થે તા.૨-૬-૨૦૧૭ના રોજ ભોજન આપવામાં આવ્યું છે.

## પ્રેરણાસ્ત્રોત

એક નાનકડુ ગામ. ત્રણ દિવસ સતત ધોધમાર વરસાદ પડ્યો. અનેક ઘરમાં ઈંધણ ખૂટી ગયું. વરસાદને કારણે ગામડામાં ઈંધણ વપરાતાં છાણાં કે લાકડાં વેચવાવાળા પણ આવ્યા નહીં.

એક આવા પરિવારમાં પિતા બહારગામ ગયા હતા. માએ પોતાના બે પુત્રને ઘર માટે કોઈ જગ્યાએથી લાકડું શોધી લાવવા મોકલ્યા. થોડી આમતેમ શોધખોળ કરી ત્યાં ગામના પાદરે આંબાના વૃક્ષની મસમોટી ડાળ તૂટી ગયેલી જોવા મળી. આ જોઈને મોટો છોકરો કહે : 'લાકડું તો સરસ છે, પરંતુ વજનદાર પણ છે. એને કેમ લઈ જવું ?'

નાનો છોકરો કહે : 'આપણે એને અહીં છોડીને ચાલ્યા જઈશું તો બીજું કોઈક એ ઉઠાવી જશે.'

લાકડું કેમ લઈ જવું એ માટેનો રસ્તો એ બન્ને શોધી રહ્યા હતા ત્યાં એ બન્નેએ જોયું કે એક મરી ગયેલા જીવડાને અસંખ્ય કીડી લઈ જતી હતી. જીવડું વજનદાર હતું એટલે એ કીડીની પકડમાંથી સરકી જતું હતું. ઘણી કીડી એના નીચે દબાઈ જતી હતી, છતાં કીડીઓએ પ્રયત્ન છોડ્યો નહીં અને છેવટે જીવડાને આગળ લઈ જવામાં સફળ થઈ.

આ જોઈને નાના ભાઈને ત્યાં જ બેસાડી મોટો ભાઈ પોતાના મિત્રોને બોલાવી લાવ્યો. બધાએ ભેગા મળીને વજનદાર ડાળને ખસેડવાનું શરૂ કર્યું. સહિયારા પ્રયાસથી ડાળને ઘર સુધી પહોંચાડી દેતાં ઈંધણની વ્યવસ્થા થઈ ગઈ.

તાત્પર્ય એ છે કે સહિયારા પ્રયાસ અને આપસમાં સદ્‌ભાવ એ રોજિંદા જીવનના ભાગરૂપ બને તો ન માત્ર મુશ્કેલ કામ આસાન થઈ જાય, પરંતુ પ્રગતિનો માર્ગ પણ મોકળો થઈ જાય.

**અને છેલ્લે :**

સુર્યના ઘરે દીકરી હોત અને તેને વિદાય કરવાનો અવસર આવ્યો હોત તો ખબર પડત કે અંધારૂં કોને કહેવાય ?

If undelivered return to:
**PAGTHAR**
**Gujarati - Monthly**
**SHRI SARJAN YUVAK SANGH**
6, Gurukrupa,
Dr. Mascarans Wadi, Nav Vikas Society,
Navagaon Tekri, Off Laxman Mhatre Road,
Dahisar (West), Mumbai - 400 068.

To,
*Shri*

આ પગથાર પ્રકાશનમાં થતા લેખ દ્વારા વ્યક્ત અભિપ્રાયો પગથારના તંત્રી, મુદ્રક, પ્રકાશક કે માલિક સંમત છે એમ સ્વિકારવું નહીં. પગથાર - શ્રી સર્જન યુવક સંઘ સંબંધી વિવાદોનું ન્યાયક્ષેત્ર મુંબઈ રહેશે. (Subject to Mumbai Jurisdiction) માલિક : શ્રી સર્જન યુવક સંઘ, મુંબઈ, ૬, ગુરૂકૃપા, ડૉ. મસ્કરન્સ વાડી, નવવિકાસ સોસાયટી, નવાગામ ટેકરી, ઓફ લક્ષ્મણ મ્હાત્રે રોડ, દહિસર (વેસ્ટ), મુંબઈ - 400068 વતી તંત્રી-મુદ્રક-પ્રકાશક : શ્રી વિજય અમૃતલાલ વ્યાસે, લકી પ્રિન્ટર્સ, ૪૦ મહેતા ઈન્ડ. એસ્ટેટ, લીબર્ટી ગાર્ડન ક્રોસ રોડ નં.૩, મલાડ (વેસ્ટ), મુંબઈ 400 064 માં છપાવી શ્રી સર્જન યુવક સંઘ, ૬, ગુરૂકૃપા, ડૉ. મસ્કરન્સ વાડી, નવવિકાસ સોસાયટી, ઓફ લક્ષ્મણ મ્હાત્રે રોડ, નવાગાંવ ટેકરી, દહિંસર (વેસ્ટ), મુંબઈ - 400068 થી પ્રગટ કર્યું.Printed, Published & Edited by Shri Vijay Amratlal Vyas On behalf of Shri Sarjan Yuvak Sangh, 6, Gurukrupa, Dr.Mascarans Wadi, Nav Vikas Society, Off Laxman Mhatre Rd, Navagaon Tekri, Dahisar (West), Mumbai 400068, Printed at Lucky Printers, 40, Mehta Ind. Estate, Liberty Garden Cross Road No.3, Malad (W) Mumbai - 4000 64 & Published at Shri Sarjan Yuvak Sangh, 6, Gurukrupa, Dr. Mascarans Wadi, Nav Vikas Society, Off Laxman Mhatre Rd, Navagaon Tekri, Dahisar West, Mumbai 400 068 Editor Shri Vijay Amratlal Vyas.